RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER
Year : 14 | Issue : 294 | Dt. 09-05-2025 | Page : 08 | Price : Rs 3





# સુદર્શન પાકિસ્તાનને વિંધશે!

નવીદિલ્હી, તા. ૮

ગુરુવારે વિદેશ મંત્રાલય દ્વારા એક ખાસ બ્રીફિંગમાં, વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે તણાવ ઓછો કરવાનો વિકલ્પ પાકિસ્તાન પાસે છે કારણ કે તેણે પહેલગામ આતંકવાદી હુમલાથી પરિસ્થિતિ વધુ ખરાબ કરી હતી અને ભારતે ફક્ત ઓપરેશન સિંદૂરથી જ જવાબ આપ્યો હતો. ''અમારો અભિગમ પરિસ્થિતિને વધુ ખરાબ કરવાનો નથી, અમે ફક્ત ૨૨ એપ્રિલના રોજ પહેલગામ આતંકવાદી હુમલાનો જવાબ આપ્યો હતો. પરિસ્થિતિને ઓછી કરવા અંગે, શ્રી મિસરીએ કહ્યું, ''પાકિસ્તાને પરિસ્થિતિને વધુ ખરાબ કરી, અમે ફક્ત તેનો જવાબ આપ્યો.'' ''વિકલ્પ પાકિસ્તાન પાસે છે.'' તેમણે કહ્યું કે યુએનએસસીની બેઠકમાં પાકિસ્તાને પહેલગામ હુમલાની જવાબદારી સ્વીકારી હોવા છતાં આતંકવાદી જૂથ ધ રેઝિસ્ટન્સ ફોર્સ (ટીઆરએફ) ની ભૂમિકાના ઉલ્લેખનો વિરોધ કર્યો હતો. જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર ગોળીબારનો ઉલ્લેખ કરતા, વિદેશ સચિવે એમ પણ કહ્યું કે પાકિસ્તાનની જવાબી કાર્યવાહી નાગરિકોને અસર કરી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિવિધ મંત્રાલયોના સચિવો સાથે ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી અને સતત સતર્કતા અને સ્પષ્ટ સંદેશાવ્યવહાર માટે હાકલ કરી હતી, જે રાષ્ટ્રીય સુરક્ષા અને કાર્યકારી તૈયારીઓ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે. પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બેઠક દરમિયાન ચર્ચા કરાયેલા મુદ્દાઓમાં નાગરિક સુરક્ષા તંત્રને મજબૂત બનાવવા, ખોટી માહિતી અને નકલી સમાચારનો સામનો કરવાના પ્રયાસો અને મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે.ગુરુવારે સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે પાકિસ્તાની સેનાએ આદમપુર, ભટિંડા, ચંદીગઢ અને અન્ય સ્થળોએ લશ્કરી સ્થાપનો પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પ્રયાસો નિષ્ફળ ગયા.

૦૭-૦૮ મે ૨૦૨૫ ની રાત્રે, પાકિસ્તાને ડ્રોન અને મિસાઈલોનો ઉપયોગ કરીને અવંતિપુરા, શ્રીનગર, જમ્મુ, પઠાણકોટ, અમૃતસર, કપૂરથલા, જલંધર, લુધિયાણા, આદમપુર, ભટિંડા, ચંદીગઢ, નાલ, ફલોદી, ઉત્તરલાઈ અને ભૂજ સહિત ઉત્તર અને પશ્ચિમ ભારતમાં અનેક લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો. આ હુમલાઓને સંકલિત કાઉન્ટર યુએએસ ગ્રીડ અને હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ દ્વારા નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા. ગુરુવારે એક પ્રેસ બ્રીફિંગમાં, વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે પાકિસ્તાને ૭ મે, ૨૦૨૫ અને ૮ મે, ૨૦૨૫ ની રાત્રે શ્રીનગર, ભૂજ, ચંદીગઢ, ઉત્તરલાઈ, લુધિયાણા અને ફલોદીમાં અનેક લશ્કરી સ્થાપનો પર હુમલો કર્યો છે.

પાકિસ્તાન દ્વારા ગઈકાલે ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો પરંતુ ભારતની એર ડિફેન્સ સિસ્ટમને તે હુમલાને નાકામ બનાવ્યો. ભારતનું હવાઈ સંરક્ષણ પડકારજનક અને ખાસ કરીને જટિલ છે કારણ કે તેનું વિશાળ કદ ૩૨ લાખ ચોરસ કિલોમીટરથી વધુ છે. દેશનો દરેક ભાગ સમાન રીતે સંવેદનશીલ નથી, પરંતુ આટલા મોટા ભૂગોળમાં સતત દેખરેખ અને તૈયારી જાળવવી પડકારજનક છે. આ તે જગ્યા છે જ્યાં આવા ગ્રીડ કામમાં આવે છે.તેથી, આવા અજાણ્યા દુશ્મન માનવરહિત હવાઈ ખતરાઓનો એકસાથે નાશ કરવા માટે, ભારત પાસે આવી સિસ્ટમોનું નેટવર્ક છે, જેને ઈન્ટિગ્રેટેડ કાઉન્ટર-અનમેન્ડ એરક્રાફ્ટ સિસ્ટમ ગ્રીડ કહેવાય છે.આ ગ્રીડ એવી સિસ્ટમોનું એક અત્યાધુનિક નેટવર્ક છે જે અનધિકૃત ડ્રોન અને મિસાઈલોને શોધવા, ટ્રેક કરવા અને નિષ્ક્રિય કરવા માટે રચાયેલ છે. તે આવનારા દુશ્મન ડ્રોન અને મિસાઈલોની ગતિ અને કદને ધ્યાનમાં લે છે. બદલામાં, તે મૂલ્યાંકનના આધારે, તે તેના શસ્ત્રાગારમાંથી યોગ્ય શસ્ત્ર, જેમ કે મિસાઈલ, તેને નિષ્ક્રિય કરવા માટે તૈનાત કરે છે.

બીજી તરફ ગઈકાલે જમ્મુ, અખનૂર, અને ઉધમપુર માં ડ્રોન હુમલો કરવામાં આવ્યો છે ત્યારે સરહદી વિસ્તારમાં અનેક સ્થળો પર હાલ મિસાઈલ હુમલાઓ થઈ રહ્યા હોવાનું પણ માલુમ પડ્યુ છે. કુકવાડા લાઈન ઓફ કંટ્રોલ વિસ્તારમાં પણ સતત ફાયરિંગ ચાલી રહ્યું હોવાનું માનવામાં આવે છે.

## પાકિસ્તાની પાઈલોટ ભારતના કબજામાં

## પાકિસ્તાનની એર ડિફેન્સ સિસ્ટમ AWACS તબાહ

## પાકિસ્તાનના બે F-16 અને બે JF-17 ધ્વસ્ત

## વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથે કરી બેઠક

## રક્ષામંત્રી રાજનાથસિંહે પણ તાકિદે ત્રણેય સૈન્ય પાંખના વડા અને CDS સાથે કરી ઉચ્ચસ્તરીય બેઠક

## ભારતના તમામ સરહદી વિસ્તારોમાં સંપૂર્ણ બ્લેક આઉટ : ભૂજ અને ભચાઉનો સમાવેશ

## દેશની એર ડિફેન્સ સિસ્ટમ જેવી કે ZSU-23, L-70 અને S-400 સક્રિય

### જમ્મુ એરપોર્ટ પર મિસાઈલ હુમલો : કરાયું બ્લેક આઉટ

ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલ મામલો અત્યંત ગરમાયો છે અને પુત્રોતર હુમલાઓ થઈ રહ્યા છે ત્યારે મોકલાયેલા પાકિસ્તાને ગઈકાલે રાત્રે ૮:30 વાગ્યા આસપાસ જમ્મુ એરપોર્ટ પર મિસાઈલ થી હુમલો કર્યો છે. જે બાદ તાકીદે બ્લેકઆઉટ કરી દેવામાં આવ્યું હતું. બીજી તરફ પંજાબના અનેકવિધ શહેરો ને પણ હાઈ એલર્ટ પર મૂકી દેવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ ચન્ની વિસ્તારમાં રોકેટ પડ્યા છે તો રાજસ્થાન બોર્ડર ના તમામ જિલ્લાઓમાં બ્લેકઆઉટ કરવામાં આવ્યું છે.

### દરેકને સતર્ક રહેવા વડાપ્રધાન ની અપીલ, બોલાવી ઉચ્ચ સ્તરીય બેઠક

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ઓપરેશન સિંદૂર પછીની પરિસ્થિતિ અંગે વિવિધ મંત્રાલયોના સચિવો સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આમાં તેમણે દરેકને સતર્ક રહેવા અને જરૂરી તૈયારીઓ અંગે પરસ્પર વાતચીત જાળવવા હાકલ કરી. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રીય સુરક્ષા અને ઓપરેશનલ તૈયારીઓ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બેઠક દરમિયાન ચર્ચા કરાયેલા મુદ્દાઓમાં નાગરિક સુરક્ષા મિકેનિઝમને મજબૂત બનાવવા, ખોટી માહિતી અને નકલી સમાચાર સામે લડવાના પ્રયાસો અને મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે.

### S-400 કોઈ શસ્ત્ર નથી પણ એક શક્તિશાળી શક્તિ

તમે જ-૪૦૦ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમને આ રીતે પણ સમજી શકો છો કે તે કોઈ શસ્ત્ર નથી પણ એક શક્તિશાળી શસ્ત્ર છે. તેની સામે કોઈનું કાવતરું કામ કરી શકશે નહીં. તે આકાશમાં છુપાયેલા હુમલાખોરને ક્ષણભરમાં રાખમાં ફેરવી નાખે છે. S-400 મિસાઈલ સિસ્ટમને વિશ્વની સૌથી સક્ષમ મિસાઈલ સિસ્ટમ માનવામાં આવે છે. પાકિસ્તાન અને ચીન હંમેશા ભારત માટે પડકાર રહ્યા છે. ભારતે આ દેશો સાથે યુદ્ધો પણ લડ્યા છે. દેશને શક્તિ સંતુલન જાળવવા માટે આવી મિસાઈલ સિસ્ટમની જરૂર હતી.

### ભારતની એર ડિફેન્સ સિસ્ટમે પાકને કર્યું ધૂળચાટતું

ભારત અને પાકિસ્તાન વચ્ચેની સરહદ પર પરિસ્થિતિ હવે કાબુ બહાર થતી હોય તેવું લાગે છે. પહેલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે, ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું અને પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી છાવણીઓ પર મિસાઈલ હુમલા કર્યા. ભારતે સ્પષ્ટતા કરી હતી કે અમારો ઉદ્દેશ્ય નાગરિકો કે પાકિસ્તાની સેનાને નિશાન બનાવવાનો નહોતો, પરંતુ અમે ફક્ત આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યા હતા. પરંતુ આ પછી પણ પાકિસ્તાન સંમત ન થયું અને ભારત પર હુમલો કરવાનું શરૂ કરી દીધું. પાકિસ્તાન પહેલાથી જ નિયંત્રણ રેખાને અડીને આવેલા ગામડાઓ પર ગોળીબાર કરી રહ્યું હતું, જેમાં ઘણા નાગરિકોએ પણ જીવ ગુમાવ્યા હતા. દરમિયાન, ૭-૮ મેની મોડી રાત્રે, પાકિસ્તાને ભારતના અનેક શહેરો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કરવાનો પ્રયાસ કર્યો. ભારત સરકારે માહિતી આપી છે કે પાકિસ્તાને ભારતના કુલ ૧૫ શહેરો પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતની વાયુ સંરક્ષણ પ્રણાલીએ પાકિસ્તાનના દરેક હુમલાને નિષ્ફળ બનાવ્યો.



## લાહોર, કરાચી અને ઈસ્લામાબાદ સહિત અનેક સ્થળો પર ભારતીય સૈન્યએ વરસાવ્યો કહેર : વિશ્વના દેશોએ પાકિસ્તાનને બેકફૂટ પર જવા કરી હાંકલ

## જમ્મુ, ઉધમપુર, અખનુર, જેસલમેર તથા ભારતના સરહદીય વિસ્તારો પર થયા'તા ડ્રોન હુમલા તમામ નિષ્ફળ : ઉધમપુર સામ્બા વિસ્તારમાં પણ છોડવામાં આવી'તી મિસાઈલ

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ડ્રોમાં લાગેલા આવાસના ફોર્મમાં પુરાવાઓની પૂર્તતા થશે

## ૨૩ તારીખ સુધીમાં 300ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ સોગંદનામુ કરવાનું રહેશે



રાજકોટ, તા. ૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા EWS-2 કેટેગરીના ૧૩૩ અને MIG કેટેગરીના ૫૦ ખાલી પડેલ આવાસોનો જાહેર કોમ્પ્યુટરાઇઝ ડ્રો ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવેલ. અત્યાર સુધી ફોર્મ ચેકીંગ બાદ આવાસનો ડ્રો કરવામાં આવતો હતો જયારે આ વખતે પ્રથમ વખત બધા જ અરજદારોનો ડ્રોમાં સમાવેશ કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફોર્મ ચેકીંગની કાર્યવાહી કરવામાં આવેલ છે. આથી ડ્રો માં આવાસ લાગેલ હોય એવા અરજદારોની ફોર્મ ભરતી વખતે થયેલી નાની ભૂલના કારણે ફોર્મ અરજી રિજેકટ ના થઈ જાય એ માટે માનવતાના ધોરણે અરજદારોને એક તક આપવામાં આવે છે.

અપુરતા આધાર-પુરાવાઓની પુર્તતા કરવા માંગતા હોય એવા અરજદારો રૂ.૩૦૦ના સ્ટેમ્પ પેપર પર નોટરાઇઝ્ડ સોગંદનામું તથા જરૂરી આધાર-પુરાવા સાથે ૨૩ મે સુધીમાં આવાસ યોજના વહીવટી વિભાગમાં અરજી કરી શકશે. ડ્રોમાં આવાસ લાગેલ હોય એવા તમામ અરજદારોપોતાની અરજીની સ્થિતિ જાણી શકશે અને જો કોઈ વાંધાસુચનો હોય તો આવાસ યોજના વહીવટી વિભાગમાં રૂબરૂમાં રજુઆત કરી શકશે.

રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી તથા બંધનકર્તા રહેશે. વધુમાં જણાવવાનું કે, ફોર્મની ચકાસણીમાં જે અરજીઓમાં તમામ આધાર-પુરાવાઓ મળી આવ્યા છે, એવા અરજદારોને ૧૯ તારીખથી સિવિક સેન્ટર, સેન્ટ્રલ ઝોન ઓફીસ, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ મહાનગરપાલિકા ખાતે પ્રથમ હપ્તો ભરપાઈ કર્યે અલોટમેન્ટ લેટર આપવાની કામગીરી કરવામાં આવશે.

ડ્રોમાં વેઈટીંગ યાદીમાં આવેલ જે અરજદારો પોતાની ડિપોઝીટ પરત લેવા માંગતા હોય એમણે પોતાની પાત્રતા રદ કરવાની બાંહેધરી આપી www.rmc.gov.in પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. અગાઉ અરજી કરેલ હોય એવા અરજદારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહીં.

# બોર્ડ પરીક્ષામાં અનુ. જાતિ - શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને મળશે ઈનામી રકમ

## પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અનુક્રમે રૂ.૫૧ હજાર, ૪૧ હજાર અને ૩૧ હજાર અપાશે

રાજકોટ, તા. ૮

રાજ્યમાં ધો. ૧૦ અને ૧૨ બોર્ડનું પરિણામ જાહેર કરાયું છે ત્યારે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના નેતૃત્વમાં મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ યોજના અંતર્ગત ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષામાં અનુસૂચિત જાતિ-SC તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ- SEBCનાં પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રોત્સાહક ઈનામની રકમમાં વિવિધ કક્ષાએ રૂ. ૨૦ હજારનો સુધીનો વધારો કરાયો છે.

રાજ્યમાં અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં વધુ રૂચિ કેળવીને સારી ટકાવારી પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત થાય તે હેતુથી ધોરણ ૧૦ અને ૧૨નાં બોર્ડની પરીક્ષામાં રાજ્ય તથા જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓની પ્રોત્સાહક ઈનામની રકમમાં વધારો કરવામાં આવ્યો છે.

આ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના સફળ માર્ગદર્શનમાં વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં રૂ. ૫૩ લાખની નવી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે.


અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સ્પર્ધાત્મકતા કેળવાય તથા વધુમાં વધુ વિદ્યાર્થીઓ શૈક્ષણિક વિકાસ સાધી શકે તે હેતુથી છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ યોજના અમલી બનાવાઈ છે.

આ યોજના હેઠળ ધોરણ-૧૦ અને ૧૨નાં બોર્ડની પરીક્ષામાં રાજ્ય તથા જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે.

### પ્રભારી સચિવ રાહુલ ગુપ્તાની અધ્યક્ષતામાં જિલ્લાની સમીક્ષા બેઠક

# PGVCLના બાકી કામ ઝડપભેર પૂર્ણ કરવા આદેશ

## પ્રિમોન્સૂન કામગીરીની લેવાય નોંધ : જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર સહિતના વરિષ્ઠ અધિકારીઓ હાજર




રાજકોટ તા.૮

રાજકોટના પ્રભારી સચિવ રાહુલ ગુપ્તાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી, રાજકોટ ખાતે સમીક્ષા બેઠક યોજાઇ હતી. જેમાં સચિવએ તમામ વિભાગોની કામગીરી વિશે વિગતવાર માહિતી મેળવી સમીક્ષા હાથ ધરી હતી. બેઠકમાં જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ પ્રભારી સચિવને વિવિધ વિભાગોની જિલ્લા કક્ષાએ થયેલી કામગીરી સવિસ્તાર જણાવી હતી. સચિવએ આ સાથે પ્રિમોન્સૂન તૈયારીઓ પર વિશેષ ભાર આપતા પી.જી.વી.સી.એલ. વિભાગને મેઈન્ટેનન્સની કામગીરી વહેલી તકે પૂર્ણ કરવા, આરોગ્ય વિભાગને દવાઓનો જરૂરી સ્ટોક, ક્લોરિન તથા સાધનો વગેરે તૈયાર રાખવા સાથે જ માર્ગ અને મકાન વિભાગને ડમ્પર, ટ્રક, જે.સી.બી. સહિતની અન્ય મશીનરી તૈયાર રાખવા જણાવ્યું હતું. સચિવએ અનાજ અને પુરવઠાની હાલની સ્થિતિની સમીક્ષા કરી, જિલ્લામાં ચાલતી ચણા, રાયડો અને બાજરીની ટેકાના ભાવની ખરીદી વિશે વિગતવાર ચર્ચા કરી હતી. જેમાં ખેડૂતોને પ્રોત્સાહન સાથે ખરીદ કેન્દ્રો પર તમામ સુવિધાઓ મળે તે માટે કામગીરી કરવા સૂચના આપી હતી. તેમણે સોશિયલ મીડિયાના માધ્યમથી ફેલાતી અફવાઓથી દૂર રહેવા નાગરિકોને અપીલ કરી હતી. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, એસ.પી હિમકરસિંહ, અધિક નિવાસી કલેક્ટર એ.કે.ગૌતમ, આસિસ્ટન્ટ કલેક્ટર મહેક જૈન, ડી.સી.પી. ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, સર્વે પ્રાંત અધિકારીઓ, સર્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ સહિત વિવિધ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### હવસખોરી શૈતાનીયતની ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારોઃ વધુ નવા શરમજનક કિસ્સા આવ્યા સામે

# ઘરમાં એકલી રહેલી યુવતિ પર સરપંચે ગુજાર્યો બળાત્કાર

## માથે જતાં ધમકી આપીઃ બીજા કિસ્સામાં ત્રણ વર્ષની બાળા સાથે નર્સરીના પટ્ટાવાળાએ કર્યા શારીરિક ચાળા-પોક્સો હેઠળ કાર્યવાહી

રાજકોટઃ માસુમ બાળાઓ, યુવતિઓ, પરણેલી મહિલાઓ અને ક્યારેક વિધવાઓને લેભાગુઓ મિત્રતા કે પ્રેમજાળના નામે ફસાવી તેનું જીવતર બગાડી નાંખતા હોય છે. વધુ આવી બે ઘટના સામે આવી છે જેમાં એક કિસ્સામાં સરપંચે યુવતિને હવસખોરીનો શિકાર બનાવી લીધી હતી. બીજા બનાવમાં એક નર્સરના પટ્ટાવાળા ઢગાએ ત્રણ વર્ષની બાળકી પર નજર બગાડી રમાડવાના બહાને શારીરિક છેડછાડ કરી લીધી હતી. જો કે તેની આ હરકતો .ઘાડી પડી જતાં પોલીસે તેને દબોચી હવસખોરી ઉતારી નાંખી હતી. ત્રીજા એક બનાવમાં એકવીસ વર્ષિય વેપારી યુવતિના અંગત ફોટા ટેલીગ્રામ સહિતની ચેનલોમાં વાયરલ કરી દેવામાં આવતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.

બળાત્કારની પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ ભાવનગર પંથકના તળાજા પંથકમાં બન્યો છે. આ પંથકના એક ગામના સરપંચે તેમના ગામની યુવતીના ઘરમાં ઘુસી બળજબરીથી દુષ્કર્મ આચર્યા અંગેની ફરિયાદ દાઠા પોલીસ મથકમાં નોંધાતા ચકચાર મચી ગઇ છે. પોલીસ સુત્રો મારફત બનાવની મળતી વિગતો અનુસાર તળાજા પંથકના એક ગામના સરપંચ વલ્લભ વિરાભાઈ મકવાણાએ બપોરના અરસામાં ઓગણીસ વર્ષની યુવતી ઘરે એકલી હતી ત્યારે એકલતાનો લાભ લઈ યુવતીને જો રાડ પાડીશ તો તારૂ ગળું દબાવી તને પતાવી દઇશ તેવી ધમકી આપી બળજબરીથી દુષ્કર્મ આચર્યુ હતું. જે અંગે યુવતીએ દાઠા પોલીસ મથકમાં વલ્લભ વિરાભાઈ મકવાણા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ગામની જવાબદારી જેના માથે હોય છે એ સરપંચે જ આવુ હલકુ કૃત્ય આચરતાં ખળભળાટ મચી ગયો છે.




એક કિસ્સામાં ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડ પર વિશ્વાસ કરી અંગત ફોટા આપનાર કાપડની વેપારી યુવતિના આ ફોટા થઇ ગયા વાયરલ

બીજી એક ચોંકાવનારી ઘટનામાં વડોદરા શહેરમાં આવેલી ખાનગી અભ્યાસ કરતી ત્રણ વર્ષની બાળકી સાથે શારીરિક અડપલા કર્યા હતા. જેથી બાળકીની માતાએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પટાવાળાની પોક્સો એક્ટની કલમ હેઠળ ધરપકડ કરી આગળની કાર્યવાહી શરૂ થઇ હતી. શહેરના પૂર્વ વિસ્તારમાં ખાનગી સ્કૂલમાં નર્સરીમાં ૩ વર્ષની બાળકી અભ્યાસ કરે છે. આ શાળામાં મુખીનગર ખોડિયારનગરનો ધર્મેશ ઈશ્વર પરમાર પટાવાળા તરીકે નોકરી કરે છે. તેણે બાળકીને રમાડવાના બહાને ખોળામાં બેસાડી હતી. ત્યાર બાદ તેની સાથે શારીરિક છેડછાડ કરવા લાગ્યો હતો. ત્રણ વર્ષની બાળકીએ પટાવાળાની કરતૂત અંગે તેના માતાને જાણ કરી હતી. ત્યારે માતાના પગ નીચેથી જમીન સરકી ગઇ હતી. જેથી માતાએ બાપોદ પોલીસ સ્ટેશનમાં શારીરિક અડપલા કરનાર પટાવાળા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી આરોપી ધર્મેશ પરમારની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ત્રીજા બનાવમાં સુરતના સરથાણા વિસ્તારમાં રહેતી મૂળ સૌરાષ્ટ્રની એકવીસ વર્ષીય વેપારી યુવતિના અંગત ફોટા કોઈકે ટેલીગ્રામ ચેનલ અને જુદીજુદી સાઈટ ઉપર વાયરલ કરતા સરથાણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રોના કહેવા અનુસાર મૂળ સૌરાષ્ટ્રની વતની અને સુરતમાં સરથાણા વિસ્તારમાં રહેતી એકવીસ વર્ષની યુવતિ પરવત પાટીયા વિસ્તારમાં કપડાનો વેપાર કરે છે. આઠ મહિના અગાઉ અજાણ્યાએ તેને ઈન્સ્ટાગ્રામ ઉપર મેસેજ કરી વાતચીત શરૂ કરી હતી. એ પછી વાત આગળ વધતાં પોતાનો અંગત ફોટો મોકલ્યો હતો. જે તે વખતે શખ્સે કહ્યું હતું કે આ ફોટો વાયરલ નહી કરૂ અને પ્રાઇવશીના કારણે હુ તને મારુ નામ નહી જણાવુ. હું ઈન્સ્ટ્રાગ્રામ આઇડી પણ ડીલીટ કરી નાખું છુ. ત્યાર બાદ તેના કોલેજના મિત્ર વૈભવે તેને વ્હોટ્સએપ મેસેજ કરી તારો ફોટો કોઈ આઈડી ઉપરથી મને મળ્યો છે તેમ કહેતા યુવતિએ તેની પાસે આઈડીની લીંક અને નામ માંગ્યુ હતું.

ત્યારબાદ વૈભવે બહાના કાઢી વિગત આપી નહોતી. બાદમાં યુવીતની સોસાયટીમાં રહેતી ફ્રેન્ડે ફોન કરી જાણ કરી હતી કે તારા ફોટા ટેલીગ્રામ ચેનલ ઉપર વાયરલ થયા છે.

આથી યુવતિએ સાયબર ક્રાઈમ હેલ્પલાઇન નંબર ઉપર ફોન કરી તેની લીંક બ્લોક કરાવી હતી. પણ ત્યાર બાદ તેના ફોટા જુદીજુદી વેબસાઈટ પર વાયરલ થતા છેવટે આ અંગે તેણે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા ઈન્ચાર્જ પીઆઈ એસ.એ.શાહે વધુ તપાસ હાથ ધરી હતી.



# માતાએ કામ ધંધો કરવાનું કહ્યુ, પ્રૌઢ એસીડ પી કર્યો આપઘાતનો પ્રયાસ

### આજીડેમ પોલીસે બનાવની ગંભીરતા ધ્યાને લઈ તપાસ કરી શરૂ


રાજકોટ, તા. ૮

હાલ લોકોમાં સહનશક્તિ નો અભાવ જોવા મળી રહ્યો છે કારણ કે ન જેવી બાબતમાં પણ અત્યારે લોકો પોતાનો જીવ દેવા માટે તૈયાર થઈ જાય છે. અને જ્યારે તપાસ કરવામાં આવે તો માલુમ પડે કે તે વાતમાં એવું કોઈ તથ્ય નહોતું કે જેનાથી કોઈ વ્યક્તિ જીવ ગુમાવે. આવી જ એક ઘટના ગઈકાલે રાજકોટ શહેરમાં જોવા મળી જેમાં કોઠારીયા રોડ પર આશાપુરા નગરમાં રહેતા પ્રૌઢને માતાએ કામ ધંધો કરવાનું કહ્યું જે બાદ અશ્વિન ગોસ્વામીએ એસિડ પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો જે બાદ તાકીદે તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

જાણવા મળતી વિગત મુજબ આશાપુરાનગર શેરી નં.૨માં રહેતા અશ્વિનભાઈ દેવગીરી ગોસ્વામી (ઉ.વ.૫૫) નામના પ્રૌઢે ગઈકાલે સવારે બ્રહ્માણી હોલ પાસે એસિડ પી લેતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં અશ્વિનભાઈ ચાર ભાઈ બે બહેનમાં વચેટ અને અપરિણીત હતાં. તેઓ કોઈ કામ ધંધો કરતા ન હોય જેથી માતાએ કામધંધો કરવાનું કહી ઠપકો આપતાં લાગી આવવાથી આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી આજી ડેમ પોલીસને જાણ કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રેલનગરમાં ઊભી થશે નવી શાક માર્કેટ

### મનપાએ ૪.૪૫ કરોડનું ટેન્ડર કર્યું જાહેર : વિસ્તારનો વિકાસ થતાં લેવાયો નિર્ણય




રાજકોટ, તા. ૮

ધીમે ધીમે જે રીતે રાજકોટનો વિકાસ થઈ રહ્યો છે તેમ તેમ લોકોને જરૂરિયાતો પણ વધવા લાગી છે ત્યારે વધતી વસ્તી અને મોટા થતા વિસ્તારને યોગ્ય સુવિધાઓ મળી રહે જેથી લોકો જે વસવાટ કરતા હોય તેમને કોઈ તકલીફ કે હાલાકી ભોગવી ન પડે તે માટેનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં મહાનગરપાલિકા પણ આર જે વિસ્તારો બની રહ્યા છે તેમાં માળખાગત સુવિધાઓ વધે તે દિશામાં પણ પગલાં લે છે ત્યારે સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા વોર્ડ નંબર ત્રણમાં એટલે કે રેલનગર વિસ્તારમાં નવી શાક માર્કેટ બનાવવાનો નિર્ણય લીધેલો છે જે માટે ૪.૪૫ કરોડનું ટેન્ડર પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. રેલનગરમાં અધ્યતન શાકમાર્કેટની સાથો સાથ ફૂડ ઝોન બનાવવાનો પણ નિર્ણય લીધો છે.

રાજકોટમાં વર્ષોથી કોઇ નવી શાક માર્કેટ બની નથી ત્યારે આ વર્ષના બજેટમાં ત્રણે ઝોનમાં એક એક શાક માર્કેટ બનાવવાની યોજના સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે દાખલ કરી છે. તેના ભાગ રૂપે સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૩ના રેલનગર વિસ્તારમાં સાધુવાસવાણી કુંજરોડ ઉપર અદ્યતન શાકમાર્કેટ અને ફુડઝોન બનાવવાનું આયોજન કરી રૂા. ૪.૪૫ કરોડના ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

મહાપાલિકા દ્વારા આ વોર્ડના રેલનગર વિસ્તારમાં ઘણી આવાસ યોજના બનાવવામાં આવી છે. ખાનગી ટાઉનશીપ પણ વિકસી છે અને આ રોડ સીધો મોરબી રોડને ટચ થાય છે. આથી આ વિસ્તારમાં ફાયર સહિતની સુવિધાની વધુ જરૂર હોય, નવા ફાયર સ્ટેશન સહિતના પ્રોજેક્ટો માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ છે.

આ વિસ્તારમાં આવેલ સાધુવાસવાણી કુંજરોડ ઉપર શાકમાર્કેટ બનાવવાની માંગ લોકો દ્વારા ઘણા સમયથી કરવામાં આવતી હતી. હાલમાં મુખ્યમાર્ગ ઉપર ભરાતી શાકમાર્કેટના કારણે ટ્રાફિક સમસ્યામાં વધારો થતો હોય એસ્ટેટ વિભાગ દ્વારા આ વિસ્તારમાં આવેલ પ્લોટનું લીસ્ટ તૈયાર કરાયું હતું. જેમાં સાધુવાસવાણી કુંજ રોડ ઉપર મનપાના વિશાળ ખાલી પ્લોટ ઉપર શાકમાર્કેટ બનાવવા નકકી કરાતા મહાનગરપાલિકાએ આ પ્લોટ ઉપર એક સાથે બે પ્રોજેક્ટ બનાવવાનો નિર્ણય લીધો છે.

અહીં રૂા. ૪.૪૫ કરોડના ખર્ચે અદ્યતન શહેરની પ્રથમ શાકમાર્કેટનું નિર્માણ કરવામાં આવશે. સાથો સાથ આ વિસ્તારના લોકોને એક જ સ્થળેથી ખાણી-પીણીની તમામ જરૂરિયાત પુરી થઈ શકે તે માટે ફૂડઝોન બનાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. રૂા. ૪.૪૫ કરોડના ખર્ચે વેજીટેબલ માર્કેટ અને ફૂડઝોન માટે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સ્ટેન્ડીંગમાં દરખાસ્ત આવશે. તે બાદ વોર્ડ નં.૩માં આ એક નવી સુવિધા પ્રાપ્ત થશે.

# ખૂન કેસમાં એક વર્ષથી નાસ્તો ફરતો આરોપી જયેશ બારોટ ઝબ્બે

### ચોક્કસ બાકીના આધારે રાજકોટ સીટી બ્રાન્ચની ટીમને મળી સફળતા




રાજકોટ, તા. ૮

સમગ્ર રાજ્યમાં હાલ વિવિધ ગુનામાં આવેલા હોય તે તમામ આરોપીઓ અને ગુનેગારોને પકડવા માટેની ઝુંબેશ તીવ્ર કરી દેવામાં આવી છે ત્યારે રાજ્ય સરકારના આદેશથી અને ગૃહ વિભાગ દ્વારા સતત મળતા માર્ગદર્શન ના પગલે હાલ દરેક જિલ્લા અને શહેરની પોલીસ આ કામગીરીમાં લાગી ગઈ છે ત્યારે ગઈકાલે જામનગર જિલ્લાના ધ્રોલ પોલીસ સ્ટેશનમાં વિવિધ ગુના હેઠળ ફરાર આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો.

જામનગર જિલ્લાના ધ્રોલ પોલીસ સ્ટેશનમાં બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયેલો હોય તેવા આરોપી જયેશ બાબુભાઈ બારોટને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યો છે એટલું જ નહીં આરોપી છેલ્લા એક વર્ષથી ખૂનના આરોપમાં ફરાર હતો. મળતી માહિતી મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશનર અધિક પોલીસ કમિશનર અને નાયબ પોલીસ કમિશનર ક્રાઈમ તથા મદદનીશ પોલીસ કમિશનર ની સૂચનાથી રાજકોટ મિલકત સંબંધી તથા સરસ સંબંધિત ગુનામાં નાસ્તા ફરતા આરોપીઓને પકડવા માટેની સૂચનાઓ આપવામાં આવેલી છે.

જે બાદ રાજકોટ સીટી ક્રાઈમ બ્રાન્ચ ના પોલીસ ઈન્સ્પેક્ટર એમ આર ગોંડલીયા, તથા એમએલ ડામોર અને સીએચ જાદવ દ્વારા શહેરના નાસ્તા પડતા આરોપીઓને પકડવા ડીસીબી પોલીસ સ્ટેશન ની અલગ અલગ ટીમો બનાવી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તે અરસામાં જ પીએસઆઇ પરમાર અને તેમની તેમના સભ્યો હેડ કોન્સ્ટેબલ જયદેવસિંહ પરમાર, ગોપાલભાઈ પાટીલ તથા અર્જુનભાઈ ડવને સંયુક્ત બાતમી મળી હતી કે જામનગર જિલ્લાના ધ્રોલ પોલીસ સ્ટેશનના વિવિધ ગુનાના કામે નાસ્તો ફરતો આરોપી જયેશ ઉર્ફે બાબુ બારોટને ને આંબેડકર નગર શેરી નંબર ૫ રામદેવપીરના મંદિર પાસે એસટી વર્કશોપ પાછળ રાઉન્ડ અપ કરીને પકડી પાડવામાં આવ્યો હતો ત્યારબાદ આરોપીને જામનગર જિલ્લાના ધ્રોલ પોલીસ સ્ટેશન ખાતે ઉપરોક્ત ગુનામાં સોપવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચ ટીમનો સ્ટાફ જોડાયો હતો.

### જે યુવાનો, આધેડોના પોતાના સમાજમાં લગ્ન ન થતાં હોય તે એજન્ટો મારફત શોધતા હોય છે કન્યા

# લૂંટેરી દૂલ્હન સાસરિયામાં બે દિવસ રોકાઇને ગઇ તે ગઇ!

## યુવાને રોકડ-દાગીના ગુમાવ્યાઃ કન્યા સહિત છ જણાની ટોળકી સામે નોંધાવાઇ FIR

રાજકોટઃ લૂંટેરી દૂલ્હનો અને તેની ટોળકી સમયાંતરે રાજ્યના લગ્નવાંચ્છુ યુવાનો મુરતીયાઓને શિકાર બનાવી જાળમાં ફસાવી રોકડ-દાગીના ઉસેડી ભાગી જતી હોય છે. આવા કિસ્સા અનેક વખત બહાર આવી ચુક્યા છે. જે યુવાનો, આધેડોના લગ્ન પોતાના સમાજ-જ્ઞાતિમાં ન થઇ શકતા હોય તેઓ એજન્ટો મારફત બહારના પ્રાંતની કન્યાઓ સાથે પરણતા હોય છે. આ લગ્ન માટે જે તે એજન્ટ અને જે તે કન્યાના પરિવારને નક્કી કરેલી રકમ ચુકવવી પડતી હોય છે. રાજ્યમાં અને રાજકોટમાં આવી અનેક કન્યાઓ સુખેથી સંસારજીવન પસાર કરી રહી છે. પરંતુ અમુક એવી ટોળકીઓ છે જે લગ્નના નામે ખેલ ખેલી રહી છે. લૂંટેરી દુલ્હન લગ્નનું નાટક કરી એકાદ બે દિવસ કે થોડા દિવસ સાસરીયામાં રહે છે અને બહાના કરી પતિને પોતાના શરીરને સ્પર્શ પણ કરવા દેતી નથી. પછી તક જોઇ રોકડ, દાગીના ઉસેડી છૂમંતર થઇ જાય છે. આવો વધુ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં એક લગ્નવાંચ્છુ યુવાન છેતરાયો છે. કન્યા સહિત છ જણાની ટોળકી સામે ફરિયાદ દાખલ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો આ વખતે વડોદરા પંથકના વાઘોડીયાનો યુવાન ભોગ બન્યો છે. આ યુવાન સાથે લગ્ન કરીને પિયરમાં ગયેલી યુવતી પરત ફરી ન હતી અને લગ્ન માટે રોકડ તેમજ દાગીના સહિત એક લાખ સત્યાસી હજારની મત્તા યુવતી તેમજ તેને સાથ આપનાર શખ્સોએ પરત નહી કરતાં દુલ્હન સહિત ત્રણ મહિલા મળી કુલ છ ભેજાબાજો સામે ફરિયાદ નોધાઇ છે.



વાઘોડિયામાં રહેતા વેપારીએ પોલીસ સ્ટેશનમાં નોધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે મારી દુકાન પર ભરવાડીયાપુરા ગામમાં રહેતો ગોવિંદ ચતુરભાઇ પ્રજાપતિ અવારનવાર આવતો હોવાથી તેને મારા નાના પુત્રના લગ્ન માટે કોઇ કન્યા હોય તો જણાવજો તેમ કહ્યું હતું. ગોવિંદે જણાવેલ કે મારો મિત્ર પ્રવિણભાઇ પટેલ છે તેને ઘણા લગ્નો કરાવ્યા છે તે છોકરીઓ શોધી આપે છે. બાદમાં ગોવિંદે પ્રવિણભાઇનો સંપર્ક થયા બાદ વેપારીને જણાવેલ કે એક છોકરી છે, શિનોરના માલસર ખાતે રહે છે આપણે ત્યાં જોવા માટે જવું હોય તો ગાડી કરો.

આ વાત થયા પછી ગત ફેબ્રુઆરી માસમાં ઇકો ગાડી કરીને અમે માલસર ખાતે ડોગરેજી મહારાજના આશ્રમ ખાતે ગયા હતા અને ત્યાં એક રૂમમાં અમે કન્યા કર્ણાવતી ફરજીભાઇ વસાવા (રહે.ધોલર, તા.નાંદોદ, જિલ્લો નર્મદા) તેમજ પ્રવિણભાઇ અને તેમના પત્નિ મીનાબેનને મળ્યા હતાં.

પ્રવિણે જણાવેલ કે કન્યાના માતા-પિતા નથી જેથી તેની સારસંભાળ અમે કરીએ છીએ અને તેના લગ્ન પણ અમારે કરવાના છે. કન્યા અમને પસંદ આવતા દાગીના તેમજ રોકડ રૂપિયા દોઢ લાખ આપવાનું નક્કી થયું હતું. એ પછી અમે વડોદરાના કાલાઘોડા ખાતે લોખંડવાલા બિલ્ડિંગમાં ગૌરીબેનના ઘેર ગયા હતા અને ત્યાં વિધિપૂર્વક લગ્ન કર્યા બાદ કર્ણાવતીને ઘેર લઇ આવ્યા હતાં. બે દિવસ ઘેર રહ્યા બાદ પ્રવિણભાઇ તેને ઘેર લઇ ગયા હતા અને બે દિવસ બાદ તેડી જજો તેમ કહ્યું હતું.

એ પછી બે દિવસ બાદ મારો પુત્ર તેમજ અન્ય માલસર ગયા ત્યારે પ્રવિણે જણાવેલ કે કર્ણાવતી બહાર ગઇ છે પરત આવશે એટલે મૂકી જઇશ. પરંતુ કર્ણાવતી પરત આવી ન હતી અને પ્રવિણ વારંવાર વાયદા બતાવતો હતો. આ પછી ખબર પડી હતી કે લગ્નના નામે છેતરપીંડી થઇ ગઇ છે. કન્યા સહિત છ જણાની ટોળકી આમાં સામેલ હોઇ તમામ સામે એફઆઇઆર દાખલ કરાવતાં તપાસ શરૂ કરવામાં આવી છે. આ પ્રકારની ઘટનાઓમાં રાજ્યભરના અનેક યુવાનો શિકાર બની ગયા છે. આવી ટોળકીઓને પોલીસ પકડી પણ લેતી હોય છે.

પરંતુ ફરીથી નવી ટોળકી મેદાને આવીને આ રીતે ફ્રોડ આચરી લેતી હોય છે. આ વખતે તો ટોળકી ગુજરાત રાજ્યની જ છે. પોલીસના હાથમાં ટોળકી આવ્યા બાદ આ પ્રકારની છેતરપીંડીના વધુ બનાવો સામે આવવાની પુરી શક્યતા છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# બરબાદીને આમંત્રણ...

## મસુદના જીવનમાંથી પણ શીખવા જેવું છે...



'કાશ... મેં ભી મારા ગયા હોતા તો અચ્છા હોતા...' આતંકી રાક્ષસ મૌલાના મસુદ અઝહરના આ શબ્દો છે. ઓપરેશન સિંદૂર બાદ મસુદે પોક મૂકી હતી. તેની નજર સામે સમસ્ત પરિવારના ફૂરચા ઉડી ગયેલા મૃતદેહોના અવશેષો હતા. અડધી દુનિયાને ધ્રુજાવનાર મસૂદ ખુદ ધ્રુજી ગયો હતો. ભારતના વિનાશક આકાશી તાંડવમાં મસૂદના પત્ની-પુત્રો-ભાઇ-બહેન-બનેવી-ભાણેજ-પૌત્ર સહિત ૧૪ સ્વજનોના મોત થયા હતા.

કટ્ટરવાદી-ત્રાસવાદી-નિર્દયી મસૂદ પોતાને ધાર્મિક નેતા ગણાવીને આતંકની રાક્ષસી પ્રવૃતિમાં વ્યસ્ત છે. હાલ દુનિયાનો નામી આતંકવાદી ગણાય છે. અસંખ્ય નિર્દોષ લોકોના ફુરચા ઉડાવીને અટ્ટહાસ્ય કરનારો મસૂદ કુદરત પાસે મોતની ભીખ માંગવા લાગ્યો છે.

કાંડ મસૂદે કર્યા અને ફૂંકાઇ ગયા પરિવારજનો... આ સ્થિતિ ખુદ મસૂદ માટે કઠીન બની ગઇ છે. હવે બદલો લેવા ઘાંઘો થાય તો પણ પરિવાર પાછો મળવાનો નથી. આવી જિંદગીનો અર્થ શું?

સફળ લોકો પાસેથી ઘણું શીખવા જેવું હોય છે. મસૂદ જેવા રાક્ષસો પાસેથી પણ શીખવા જેવું ઓછું નથી. મસૂદ અઝહર એક શિક્ષકનો પુત્ર હતો. પરિવારના અન્ય સભ્યો કેરી ઉદ્યોગમાં હતા. મસૂદ માટે જિંદગી મસ્ત હતી. જો કે કંઇક અલગ કરી દેખાડવાની લ્હાયમાં કટ્ટરવીદના રવાડે અઢ્યો. આતંકી બની ગયો. ખુદનું આતંકી સંગઠન બનાવ્યું. ભારત સહિત અને દેશોમાં હાહાકાર મચાવ્યો.

મસૂદની ખુદની ત્રેવડ એટલી બધી નથી, પાકિસ્તાન આર્મી અને રાજકારણીઓના તથા ધનાઢ્યોના પીઠબળના કારણે મોટું માથું બની ગયો. પીઠબળમાં રહેલા લોકો મસૂદનો પોતાના લાભાર્થ ઉપયોગ કરતા રહ્યા. મસૂદ દુનિયાનો વિલન બનીને ઉભર્યો.

મસૂદ અને તેના પરિવાર પાસે અબજો રૂપિયાની સંપતિ છે. પરંતું, જિંદગીભર છૂપાઇ-છૂપાઇને ડરીને રહેવું પડતું. મસૂદના પાપે જ પરિવાર પર મિસાઇલ વરસી અને ફૂરચા ઉડી ગયા. સંપતિ અને સામ્રાજ્ય પડ્યા રહ્યા. મસૂદ પરિવારને બચાવવા સતત મથતો હતો. પરિવાર ગયો અને પોતે રહ્યો. કુદરતે આ પેલી આ ક્રૂર સજા ગણાય.

મસૂદના જીવનમાંથી શીખવા જેવું એ છે કે, આવી જિંદગી ન જીવાય. ગામ હવા ભલે ગમે તેટલી ભરે, આપણે ફૂલાઇ ન જવાય. અધિકારી-રાજકારણી કે કોઇ મોટા માથાના જોરે ફિશીયારી ન મરાય. માપે રહેવાય, શેરને માથે સવાશેર હોય જ છે, એ ક્યારેય ન ભૂલાય...


સૌથી મહત્વની શીખવા જેવી બાબત એ છે કે, ધર્મનો દુરૂપયોગ ક્યારેય ન કરાય. કટ્ટરતા નામની તલવાર એવી છે, જે ખુદને જ વેતરી નાખે છે. ધાર્મિક કટ્ટરો જ નહિ, તેના મળતિયા અને પરિવારોના ફૂરચા ઉડતા પણ વાર લાગતો નથી. ભારતમાં ગામે-ગામ રખડતા ધાર્મિક કટ્ટરો માટે આ ઉપયોગી બોધ છે. ધર્મનો ગેરઉપયોગ કુદરત માફ કરતી નથી. મસૂદને મોત પણ નસીબ નથી.


!! પ્રેમભક્તિના હસ્તાક્ષરે !!



ખાઇ માં પડેલો માણસ,
બહાર નીકળી શકે છે,
પરંતુ "અદેખાઈ "માં
પડેલો માણસ,
ક્યારેય બહાર નીકળી
શકતો નથી.

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ગ્લોબલ સ્પેસ એક્સપ્લોરેશન કોન્ફરન્સમાં નાસાના પ્રતિનિધિઓ ન આવ્યા

## ભંડોળના અભાવે નાસાના પ્રતિનિધિઓ ભારત આવી શક્યા નહીં : ૩૫ દેશોના પ્રતિનિધિઓ, ચીન, જાપાન, કેનેડા અને યુરોપની મુખ્ય અવકાશ એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ, ૧૭૦૦ થી વધુ પ્રતિનિધિઓ અને દસ અવકાશયાત્રીઓએ ભાગ લીધો હતો

નવીદિલ્હી, તા. ૮

બુધવારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આયોજિત ત્રણ દિવસીય ગ્લોબલ સ્પેસ એક્સપ્લોરેશન કોન્ફરન્સમાં યુએસ સ્પેસ એજન્સી નાસાના પ્રતિનિધિઓની ગેરહાજરીથી બધાનું ધ્યાન ખેંચાયું છે. ઓછામાં ઓછા એક ડઝન નાસા અવકાશયાત્રીઓ અને વૈજ્ઞાનિકો આ પરિષદમાં હાજરી આપે તેવી અપેક્ષા હતી પરંતુ તેમણે તેમની ભાગીદારી રદ કરવી પડી. ભંડોળના અભાવે નાસાના પ્રતિનિધિઓ ભારત આવી શક્યા નહીં. આ ઐતિહાસિક કાર્યક્રમમાં ૩૫ દેશોના પ્રતિનિધિઓ, ચીન, જાપાન, કેનેડા અને યુરોપની મુખ્ય અવકાશ એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ, ૧૭૦૦ થી વધુ પ્રતિનિધિઓ અને દસ અવકાશયાત્રીઓએ ભાગ લીધો હતો. પરંતુ વિશ્વની સૌથી મોટી અવકાશ એજન્સીમાંથી કોઈ પણ આ ભવ્ય પરિષદમાં આવ્યું ન હતું.

આયોજન સમિતિના એક સભ્યએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે આ વખતે નાસાનું પ્રતિનિધિત્વ કરી શકાશે નહીં કારણ કે મુસાફરી અને ભાગીદારી માટે ભંડોળ પૂરું પાડવામાં આવ્યું ન હતું. આ પરિષદનું આયોજન અવકાશ સંશોધન ક્ષેત્રે નવીનતમ પ્રગતિ અને સહયોગની ચર્ચા કરવા માટે કરવામાં આવ્યું હતું. તેને વૈશ્વિક અવકાશ સમુદાય માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ માનવામાં આવી રહ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ વર્ષની શરૂઆતમાં ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં પાછા ફર્યા પછી, તેમની સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે બજેટમાં મોટો કાપ મૂક્યો છે. આને કારણે, મંગળ પરથી નમૂનાઓ લાવવાના મિશન સહિત, નાસાના ઘણા મિશન રદ અથવા મુલતવી રાખવામાં આવ્યા છે. આ કાપને કારણે નાસાની આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં ભાગીદારી પર પણ અસર પડી છે.

આ પહેલી વાર છે જ્યારે ભારત GLEXનું આયોજન કરી રહ્યું છે અને આ વર્ષે આ આંતરરાષ્ટ્રીય પરિષદના ઇતિહાસમાં સૌથી વધુ ભાગીદારી જોવા મળી છે. ઇન્ટરનેશનલ એસ્ટ્રોનોટિકલ ફેડરેશન અને ઇસરો દ્વારા આયોજિત, આ કાર્યક્રમ ભારતના વધતા અવકાશ કદને પણ પ્રતિબિંબિત કરે છે. IAF ના એક સભ્યએ જણાવ્યું હતું કે NASA હાલમાં આંતરિક ફેરફારોમાંથી પસાર થઈ રહ્યું છે અને મુખ્ય વિભાગના વડાઓની કાયમી નિમણૂક હજુ બાકી છે, જેના કારણે તેની હાજરી વધુ મુશ્કેલ બની ગઈ છે. ભલે નાસાની ગેરહાજરીએ કેટલાક પ્રશ્નો ઉભા કર્યા હોય, પણ અન્ય દેશોની સક્રિય ભાગીદારી અને કોન્ફરન્સમાં રેકોર્ડ સંખ્યામાં પ્રતિનિધિઓની હાજરીએ તેને એક ઐતિહાસિક પ્રસંગ બનાવ્યો. આ પરિષદમાં અવકાશ સંશોધનનું ભવિષ્ય, ચંદ્ર અને મંગળ મિશન અને આબોહવા પરિવર્તનના અભ્યાસમાં અવકાશ ટેકનોલોજીનો ઉપયોગ જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. ઈસરોના વૈજ્ઞાનિકોએ ભારતના ગગનયાન મિશન અને આગામી ચંદ્રયાન-૪ મિશન વિશે માહિતી શેર કરી હતી. આ ઉપરાંત, સ્પેસએક્સ અને બ્લુ ઓરિજિન જેવી ખાનગી અવકાશ કંપનીઓના પ્રતિનિધિઓએ પણ તેમની યોજનાઓ રજૂ કરી.

# ભારતીમાં ઘૂસવાનો પ્રયાસ કરતા પાકિસ્તાનીની હત્યા

## BSF દ્વારા પડકારવામાં આવ્યો હોવા છતાં, વ્યક્તિ આગળ વધતો રહ્યો, પરિણામે જવાનોએ ગોળીબાર કરવાની ફરજ પડી

નવીદિલ્હી, તા. ૮

ગુરુવારે પંજાબના ફિરોઝપુર સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ભારતીય ક્ષેત્રમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહેલા એક પાકિસ્તાની નાગરિકને બોર્ડર સિક્યુરિટી ફોર્સે ગોળી મારીને ઠાર માર્યો હતો. બીએસએફના નિવેદન અનુસાર, ઘુસણખોરને અંધારામાં આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને સરહદ સુરક્ષા વાડ તરફ આગળ વધતા જોવામાં આવ્યો હતો. બીએસએફ જવાનો દ્વારા પડકારવામાં આવ્યો હોવા છતાં, તે વ્યક્તિ આગળ વધતો રહ્યો, જેના કારણે જવાનોએ ગોળીબાર કરવાની ફરજ પડી.

ભારતીય સેના દ્વારા પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નવ આતંકવાદી છાવણીઓને નિશાન બનાવ્યા બાદ ભારત-પાકિસ્તાન સરહદ પર સુરક્ષા અને સતર્કતા વધારી દેવામાં આવી છે, જેની પૃષ્ઠભૂમિ સામે આ ઘટના બની છે. ઓપરેશન સિંદૂર નામથી શરૂ કરાયેલા આ હુમલાઓ પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં કરવામાં આવ્યા હતા, જેમાં ૨૬ નાગરિકો માર્યા ગયા હતા.



અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ અઠવાડિયાની શરૂઆતમાં એક અલગ ઘટનામાં, BSFએ પંજાબના ગુરદાસપુર જિલ્લામાં ભારતીય ક્ષેત્રમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા વધુ એક પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરી હતી. આ વ્યક્તિની ઓળખ મુહમ્મદ હુસૈન તરીકે થઈ છે અને તેને પંજાબ પોલીસને સોંપવામાં આવ્યો છે અને તે કસ્ટડીમાં છે. અધિકારીઓએ તેની પાસેથી પાકિસ્તાની ચલણ અને પાકિસ્તાની રાષ્ટ્રીય ઓળખપત્ર જપ્ત કર્યું.

અગાઉ, રાજસ્થાનમાં એક પાકિસ્તાની રેન્જરની સરહદ પાર કરવાના આવા જ પ્રયાસ બદલ ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રારંભિક તપાસમાં સૂચવવામાં આવ્યું છે કે રેન્જર જાસૂસી અથવા જાસૂસી હેતુ માટે પ્રવેશ કર્યો હોઈ શકે છે. બીએસએફ હજુ પણ તેની પૂછપરછ કરી રહ્યું છે.

આ ઘટના પંજાબના છ સરહદી જિલ્લાઓમાંથી એક ફિરોઝપુર જિલ્લાના મામદોટ સેક્ટરમાં લાખા સિંહવાલા હિથર BSF ચેકપોસ્ટના ગેટ નંબર ૨૦૭ પાસે બની હતી. એક અધિકારીએ જણાવ્યું કે, આ ઘટના ત્યારે બની જ્યારે BSF જવાનોએ આંતરરાષ્ટ્રીય સરહદ પર ફિરોઝપુર સેક્ટરમાં સરહદ ચોકી પર શંકાસ્પદ હિલચાલ જોઈ. ''બીએસએફના જવાનોએ પહેલા તેને પડકાર ફેંક્યો, પરંતુ આ બાજુ આવ્યા પછી તે અટક્યો નહીં. જ્યારે તે અંધારાનો લાભ લઈને સરહદ સુરક્ષા વાડ તરફ આગળ વધી રહ્યો હતો, ત્યારે સતર્ક બીએસએફ જવાનોએ તેના પર ગોળીબાર કર્યો,'' અધિકારીએ જણાવ્યું.

# અમેરિકીઓને લાહોર છોડવા આદેશ

## ભારત-પાકિસ્તાન વચ્ચેનો તણાવ ચરમશીમાએ : અમેરિકાએ જાહેર કરી એડવાઈઝરી

નવીદિલ્હી, તા. ૮

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. અમેરિકાએ તેના નાગરિકો અને દૂતાવાસના અધિકારીઓ માટે એક સલાહકાર પણ જારી કર્યો છે. તેમણે અમેરિકન લોકોને લાહોર છોડી દેવાની અપીલ કરી છે. ઉપરાંત, દૂતાવાસે તેના અધિકારીઓને સલામત સ્થળે રહેવાની સૂચના આપી છે. ભારતે પાકિસ્તાનના લાહોર અને અન્ય શહેરોમાં ડ્રોન હુમલા કરીને બદલો લીધો, જેના કારણે પડોશી દેશમાં ગભરાટ ફેલાયો. એક નિવેદન અનુસાર, યુએસ કોન્સ્યુલેટે જણાવ્યું હતું કે તેમને પ્રારંભિક અહેવાલો પણ મળ્યા છે કે અધિકારીઓ લાહોરના મુખ્ય એરપોર્ટને અડીને આવેલા કેટલાક વિસ્તારોને ખાલી કરાવી શકે છે.

ભારતીય સશસ્ત્ર દળોએ ગઈકાલે રાત્રે ડ્રોન અને મિસાઈલોનો ઉપયોગ કરીને ઉત્તર અને પશ્ચિમ ભારતમાં અનેક લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરવાના પાકિસ્તાની સૈન્યના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા અને લાહોરમાં પાકિસ્તાની હવાઈ સંરક્ષણ પ્રણાલીનો નાશ કર્યા બાદ આ સલાહ જારી કરવામાં આવી હતી. ઈન્ટિગ્રેટેડ કાઉન્ટર અનમેન્ડ એરક્રાફ્ટ



સિસ્ટમ દ્વારા લશ્કરી લક્ષ્યોને તટસ્થ કરવામાં આવ્યા હતા. આતંકવાદ અને સશસ્ત્ર સંઘર્ષની સંભાવનાને કારણે, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ અમેરિકન નાગરિકોને ભારત-પાકિસ્તાન સરહદ અને નિયંત્રણ રેખા નજીકના વિસ્તારોમાં મુસાફરી કરવા સામે તેની ''મુસાફરી ન કરો'' સલાહની યાદ અપાવવાનું ચાલુ રાખે છે. ટ્રાવેલ એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે વિભાગની લાંબા સમયથી ચાલી આવતી ''મુસાફરી પર પુનર્વિચાર કરો'' સલાહમાં મુસાફરોને પાકિસ્તાનની મુસાફરી પર વધુ વ્યાપકપણે પુનર્વિચાર કરવા વિનંતી કરવામાં આવી છે.

પાકિસ્તાન અને ભારત વચ્ચેની પરિસ્થિતિ સતત બદલાઈ રહી છે અને અમે ઘટનાક્રમ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ. ઈસ્લામાબાદમાં યુ.એસ. દૂતાવાસ અને કરાચી, લાહોર અને પેશાવરમાં કોન્સ્યુલેટ જનરલ નિયમિત વ્યવસાય માટે ખુલ્લા છે. પાકિસ્તાનના લાહોરમાં યુએસ કોન્સ્યુલેટ જનરલે પણ ડ્રોન વિસ્ફોટો, તોડી પાડવામાં આવેલા ડ્રોન અને સંભવિત હવાઈ ક્ષેત્રમાં ઘૂસણખોરીને પગલે તેના સ્ટાફને સલામત સ્થળે ખસી જવાનો નિર્દેશ આપ્યો છે, એમ દેશના વિદેશ વિભાગે ગુરુવારે જણાવ્યું હતું. કોન્સ્યુલેટે જણાવ્યું હતું કે તેમને પ્રારંભિક અહેવાલો પણ મળ્યા છે કે અધિકારીઓ લાહોરના મુખ્ય એરપોર્ટને અડીને આવેલા કેટલાક વિસ્તારોને ખાલી કરાવી શકે છે. ભારતના સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''પાકિસ્તાને ડ્રોન અને મિસાઈલોનો ઉપયોગ કરીને અનેક લશ્કરી લક્ષ્યો પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, અને ઉમેર્યું હતું કે આ પ્રયાસોને હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ દ્વારા નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

## પ્રકૃતિ બંડ પોકારે ત્યારે ધરતીકંપ, વાવાઝોડું, અને માવઠા જેવી ઘટના ઘટે છે



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સમયચક્ર કહો કે કાળ ચક્ર સતત ફરતું જ રહે છે, અને એમ આતંકવાદી ઓનો કાળ પોકારતો હશે! આ ઉપરાંત હમણાં ત્રણેક દિવસથી વાતાવરણમાં એકાએક પલટો આવી જતાં ગુજરાતનાં ઘણા તાલુકાઓમાં, ગામમાં, કે જિલ્લામાં વરસાદ પડ્યો, અને ક્યાંક ક્યાંક તો કરા પણ પડ્યા. સામાન્ય રીતે આને માવઠું કહેવામાં આવે છે, અને માવઠા ને કારણે કેટલાંય લોકો ઘર કે ઝૂંપડા વગરના થઈ ગયા! બાકી હોય એમ આંબા, લીંબુ એરંડો અને કપાસ જેવા પાક પર પથારી ફરી! બે પૈસા વધુ મળે એટલે દેવું કરીને વાવણી કરી હોય, આમ માવઠું મોટેભાગે પાકને નુકસાન કરનારું સાબિત થતું હોય છે. ગરમીનું પ્રમાણ અતિશય વધી જતાં આ ઘટના ઘટતી હોય છે, અને આને કમોસમી વરસાદ પણ કહેવામાં આવે છે. ઋતુચક્રમાં એકાએક આવતા બદલાવને પરિણામે આવી ઘટનાઓ ઘટતી હોય છે, તો આજે આપણે કમોસમી શબ્દ પર થોડું ચિંતન કરીશું.

આપણી ઋતુ અનુસાર શિયાળામાં ઠંડી પડવી જોઈએ, ઉનાળામાં ગરમી પડવી જોઈએ, અને ચોમાસામાં વરસાદ આવવો જોઈએ, પરંતુ ઋતુચક્રમાં ફેરફાર થાય ત્યારે ,પંચ મહાભૂતથી બનેલી પ્રકૃતિ જાણે બંડ પોકારતી હોય, તેમ ગમે તે ઋતુમાં ગમે તે થાય છે. હવે તો પ્રકૃતિમાં પ્રદૂષણની માત્રા એટલી બધી વધી ગઈ છે કે,એ પંચ મહાભૂતનું સંતુલિત રહેવું અશક્ય બની ગયું છે.એટલે આવી ઘટના છાશવારે થતી જોવા મળે છે. આ ઉપરાંત વાવાઝોડા, સુનામી,અતિ વૃષ્ટિ, દુષ્કાળ, અને ધરતીકંપ જેવી ઘટના પણ ઋતુચક્રના ફેરફારને કારણે જ થતી હોય છે. વાતાવરણના સ્તર વિશે વાત કરીએ તો પૃથ્વીનાં પેટાળમાં પણ સ્તરો આવેલા છે, અને એમાં ઉંચનીચ થાય, એટલે કે સૌથી નીચે રહેલાં લાવા ના તાપમાનમાં ફેરફાર થાય, કે પછી અન્ય કોઇ કારણસર એ પ્લેટ ખસે ત્યારે ભૂમિનું સંતુલન વિખરાઈ જાય છે, અને કુદરત બંડ પોકારે છે. અને આ વિજ્ઞાનનો એક વિષય છે! તેનાં સ્નાતકને ભૂસ્તરશાસ્ત્રીની પદવી મળે છે. નિશ્ચિત ગણતરી માંડીને તેઓ કહે કે, એટલે ઊંડે પાણી છે, અને એ પાણી ખારું છે કે મોળું? કે મીઠું છે,અને પાણીનું વહેણ કંઈ તરફનું છે, એની પણ જાણકારી આપે ત્યાં સુધીની વાત માત્ર અભ્યાસથી કહી શકાય છે. આપણા આડેધડ વૈજ્ઞાનિક વિકાસને નામે થતાં પ્રકૃતિ પરનાં અત્યાચાર અતિશય થતાં પ્રકૃતિ બંડ પોકારે છે, જે સહજ છે.

દરેકે દરેક જીવ પણ પંચ મહાભૂત એટલે કે, અગ્નિ, પવન, જળ, પૃથ્વી,અને આકાશ એમ પંચ મહાભૂત માંથી બનેલો છે. પૃથ્વી પર જન્મ લઈને આવતા તેને પણ બાહ્ય પ્રકૃતિ જેવી જ એક આંતરિક પ્રકૃતિ પણ મળે છે. આ પમાંથી કોઈ પણ તત્વનું અસંતુલન થાય એટલે આંતરિક પ્રકૃતિમાં પણ જુદાજુદા સ્વરૂપે ઝંઝાવાત સર્જાય છે. દુનીય્વી સંબંધો, ક્યારેક કોઈ જરૂરિયાત કે પ્રાથમિક જરૂરિયાતની ચીજનો અભાવ, તો ક્યારેક સ્વજનના ઓચિંતાની વિદાયથી પણ ભલભલા ધૈર્યા ધારી માણસો ડગી જતાં દેખાય છે, અને ઈશ્વર માંથી તેની આસ્થા પણ ઓછી થતી દેખાય છે. આજે સમાજમાં ઘટતી હિંસા ને કારણે પણ ભય, ડર, નિરાશા, જેવા ભાવથી અસંતુલન અનુભવી શકાય છે. આ ઉપરાંત લાગણી કે પ્રેમમાં ખોટ વર્તાય ત્યારે પણ અસંતુલન વધુ દેખાય છે, જેમકે પ્રેમીએ પ્રેમિકાને દગો દીધો, અથવા તો લગ્નોત્તર સંબંધની જાણ થઈ, કે પછી સંતાન માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો,કે પછી ભાઈ બહેનના સંબંધમાં કોઈ કારણસર મનમોટવ થયો, વિદ્યાર્થી કહેવાતી આ પરિક્ષાઓમાં નાપાસ થયો, આવા તો ઝીણા ઝીણા કેટલાય કારણોને લીધે આંતરિક પ્રકૃતિ અસંતુલન અનુભવે છે, અને એને પરિણામે ઉદાસી આવી શકે, ભય આવી શકે, ડર આવી શકે, ગુસ્સો આવી શકે, ચિંતા વધતી જાય, નફરત થઈ શકે, તિરસ્કૃત કરવાનો ભાવ પણ આવી શકે, કોઈને તુચ્છ સમજવાની ચેષ્ઠા પણ થઈ શકે, શાંતિ જતી દેખાય, જીવન પ્રત્યે અસંતોષ રહે, અને આ બધા જ ભાવ એ અંધકારના ભાવ હોવાથી આપણું જીવન પતન તરફ ગતિ કરે છે, તે આપણને ખુદને દેખાતું પણ નથી, અને સમજાતું પણ નથી, અને જ્યારે ખબર પડે, ત્યારે ખૂબ જ મોડું થઈ ગયું હોય છે. જેમ કે અત્યારની સામાજિક અશાંતિ એ આપણી સામુહિક સંવેદનહીનતાનું પરિણામ છે, અને એને કારણે પ્રકૃતિએ બંડ પોકાર્યો છે. વસુંધરા સ્ત્રીલિંગ ધરાવે છે, અને એ હિસાબે પ્રકૃતિમાં થતા ફેરફાર કે પૃથ્વી પર ઘટતી ઘટનાઓની સીધી અસરથી સ્ત્રીનું મન પ્રભાવિત થાય છે, અને આ અસંતુલન પણ પુરુષ કરતાં વધુ અનુભવાય છે. આમ પણ ઋતુચક્રનો અનુભવ સ્ત્રીથી વધુ કોણ કરી શકે!! કુદરતની એક અનન્ય રચના એટલે સ્ત્રી, અને જે માતા બનવાની ઉપલબ્ધિ મેળવવા માટે યુવાન થતાં જ ઋતુચક્રનાં સંતુલન કે અસંતુલનને સહન કરતી હોય છે.

પ્રકૃતિમાં આ પંચમહાભૂત પોતાનું અલગ અલગ અસ્તિત્વ ધરાવે છે, અને એને કારણે એ જડ હોય છે. જ્યારે આ પાંચેયનો સંગમ થતા જીવની રચના થાય છે, અને તે જીવ સજીવ હોય છે. એટલે તે જડ હોવો ન જોઈએ, છતાં જડ બની તેણે કરેલા કેટલાય કર્મોનું આ ફળ છે. પરંતુ પ્રકૃતિને માતા કહેવામાં આવી છે એટલે છોરું કછોરું થાય, પણ માવતર કમાવતર ન થાય, એ ન્યાયે તુ અમને માફ કરીને ફરીથી સંતુલિત થઈ જા, જેથી કરીને જનજીવન સામાન્ય બની જાય. સમયનું ચક્ર એકધારુ ચાલે છે, શિયાળા પછી ઉનાળો, અને ઉનાળા પછી ચોમાસું, એમાં ક્યારેક આવી ઋતુચક્રનાં બદલાવની ઘટના ઘટતી હોય છે. આપણી અતિશય વિષયી માનસિકતા ને કારણે સમાજમાં સ્વાર્થની વૃત્તિ પણ વધી છે. કોઈને અહીં મરવું નથી, ભલે ને એક ને એક દિવસ તો અહીંથી જવાનું જ છે, અને એ પણ કંઈ પણ લીધા વગર, છતાં આપણી માનસિકતા આપણે હજી બદલી શકતા નથી. ભોગી કહો, સંસારી કહો, પણ મોહ જાળમાંથી બહાર નીકળવું એ એટલું સહેલું નથી, તો અશક્ય પણ નથી. થોડા થોડા નાના નાના પ્રયત્નો અને પ્રયોગ કરીને જીવનમાં બદલાવ લાવી શકાય, અને સંસારીની બદલે સંન્યાસીની ઉપલબ્ધિ સંસારમાં રહીને પણ મેળવી શકાય. આખા દિવસની દિનચર્યાને વારંવાર ચલચિત્રની જેમ જોવી પડશે, ક્યાં ક્યાં ભૂલ થાય છે, તેની મગજમાં નોંધ કરી અને ત્યાં સુધારો કરી શકાય, સતત આ રીતે નિરીક્ષણ કરી આત્મચિંતન કરીશું, તો બદલાવું અશક્ય નથી, અને એકવાર બદલાવ આવશે, પછી તો જીવનની ધારા નિર્મળ જ રહેવાની છે. જ્યાં દ્વેષ નથી, ભય નથી, ડર નથી, ચિંતા નથી, તણાવ નથી, કે પછી નથી કોઈ પ્રત્યે નફરત, ઈર્ષા, કે તિરસ્કાર નથી, જ્યાં સતત સત્ય પ્રેમને કરુણાના ભાવની મંદાકિની વહે છે, અને એ જ તો છે ધરતી પર અનુભવાતુ સ્વર્ગ, અને એ જ છે સ્વર્ગનો અધિષ્ઠાતા પરમ કૃપાળુ પરમાત્માનો સાક્ષાત્કાર. મંદિરોની મૂર્તિઓને ખૂબ પૂજી,અને પૂજવી પણ જોઈએ,કારણ કે આપણી સંસ્કૃતિ કહે છે. પરંતુ જીવતા માનવની ઉપેક્ષા કરવાનું બંધ કરીએ, તો કદાચ એ મૂર્તિ વધુ પ્રસન્ન થશે. આમ પણ હિન્દુ સંસ્કૃતિમાં આશીર્વાદનું ખૂબ જ મૂલ્ય છે, તો એ રીતે કોઈ આવાં માવઠા કે અન્ય કોઈ રીતે પરેશાનીનાં ભોગ બનેલા અજાણ્યાને મદદ કરી તેના આશીર્વાદ મેળવીએ, તો જીવન સંતુલિત તો રહેશે જ,આ ઉપરાંત સુરક્ષિત પણ રહેશે. સૌ કોઈ પોતાની આંતરબાહ્ય પ્રકૃતિમાં સંતુલન મેળવીને સદાય સ્વસ્થ રહી અન્યનાં જીવન સુરક્ષિત કરવા માટે કોઇને કોઇ નાનકડો પ્રયોગ કરે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### જોબના નામે છેતરનારા ગઠીયાઓથી સાવધાનઃ વધુ એક યુવાન ફસાઇ ગયો જાળમાં

# કોસ્ટગાર્ડની નોકરી મેળવવાની લ્હાયમાં આઠ લાખ ગુમાવ્યા

## નર્સિંગના વિદ્યાર્થી સાથે થયું ફ્રોડઃ બીજા બનાવમાં ક્રેડીટ કાર્ડ સ્વાઇપ કરી યુવાનના પોણા ત્રણ લાખ ઉસેડી લેવાયા

રાજકોટઃ નોકરીની કે પછી પરિક્ષાઓમાં પાસ કરાવી દેવાની લાલચ આપી લેભાગુઓ લાખો રૂપિયા કટકટાવી લઇ છેતરપીંડી કરતાં હોય છે. હાલમાં જ રાજકોટમાં નીટની પરિક્ષામાં પાસ કરાવી દેવાના નામે ફ્રોડ કરનારી ટોળકીનો પર્દાફાશ થયો છે. બીજી તરફ એક કિસ્સામાં નર્સિંગના વિદ્યાર્થીને કોસ્ટગાર્ડમાં નોકરી અપાવી દેવાની લાલચ આપી ગઠીયાએ લાખો પડાવી લીધા છે. આ છાત્રને એક જ મહિનામાં નોકરી મળી જશે તેવા આંબાઆંબલી દેખાડાયા હતાં અને નોકરી માટેની તાલિમના લેટર, અપોઇન્ટમેન્ટ લેટર વગેરે અપાયા હતાં. પરંતુ છેલ્લે યુવતિને પોતે છેતરાઇ ગયાની ખબર પડી હતી. છેતરપીંડીના બીજા બનાવમાં ક્રેડીટ કાર્ડ સ્વાઇપ કરીને કપડાના વેપારીના ત્રણ લાખ ઉસેડી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો રાજ્યભરમાં સારી જોબ મેળવવા ભણેલા ગણેલા યુવાન યુવતિઓ મહેનત પ્રયાસો કરતાં હોય છે. પરંતુ ઘણીવાર તેઓ આવા પ્રયાસમાં છેતરપીંડીનો ભોગ બની જતાં હોય છે. આ જ પ્રકારની એક ઠગાઇનો ભોગ એક નર્સિંગનો વિદ્યાર્થી બની ગયો છે. બનાવ અમદાવાદનો છે પરંતુ કોઇપણ ગામ કે શહેરનાનોકરીવાંચ્છુ સાથે આ પ્રકારની ઠગાઇ થઇ શકે છે. એલજી હોસ્પિટલમાં ર્નસિંગમાં અભ્યાસ કરતા યુવકને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડમાં નોકરી અપાવવાના બહાને ગઠિયાએ આઠ લાખ પડાવી લીધા હતા, જેની સામે તેને નકલી એપોઈન્ટમેન્ટ લેટર, ટ્રેનિંગના લેટર પણ મોકલ્યા હતા. આટલું જ નહીં પોલીસ વેરિફિકેશન અને સિવિલમાં મેડિકલ પણ કરાવ્યું હતું. પરંતુ એક મહિનામાં નોકરી અપાવવાની વાત કરીને સવા વર્ષ સુધી નોકરી ન આપતા આખરે ગઠિયા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરાવાઇ છે. નરોડા રોડ પર અનિલ સ્ટાર્ચ મિલ સામે આવેલા કાલિકા પાર્કમાં રહેતા છેતાલીસ વર્ષના શૈલેષભાઈ પટણી ડ્રાઇવિંગની નોકરી કરે છે. જ્યારે તેમનો દીકરો ચિરાગ હાલ એલજીમાં ર્નસિંગનો અભ્યાસ કરે છે. બે વર્ષ પહેલા શૈલેષભાઈનાં બહેન રેણુકાબહેનના જમાઈ અરૂણભાઈ પટણીએ શૈલેશભાઈને કહ્યું હતું કે, તેમના એક મિત્ર છે નરેશભાઈ પરમાર જે વિસનગરમાં રહે છે અને સરકારી નોકરી અપાવે છે. જોકે ચિરાગને સરકારની નોકરી લેવાની હોવાથી શૈલેશભાઈએ નરેશભાઈ સાથે




મીટિંગ કરી હતી, ત્યારે નરેશભાઈએ ચિરાગને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડમાં એમટીએસ પોસ્ટ પર નોકરી અપાવવાનું કહી તે માટે રૂ.૮ લાખ ખર્ચ થશે તેવી વાત કરી હતી, જેમાં શૈલેશભાઈ અને ચિરાગ સહમત થતા નરેશભાઈને રૂ.૨ લાખ ટોકન આપીને ચિરાગની નોકરીનું કામ આપ્યું હતું. નરેશભાઈએ એક જ મહિનામાં નોકરીનો એપોઈન્ટમેન્ટ લેટર આવી જશે તેવી વાત કરી હતી. ત્યાર બાદ ધીરે ધીરે કામ થઈ રહ્યું હોવાનું કહીને નરેશભાઈએ પૂરેપૂરા પૈસા લઈ લીધા હતા અને કોસ્ટ ગાર્ડના ઈમેલ પરથી નોકરી માટેના ઓર્ડરનો પોસ્ટના કવરવાળો ફોટો મોકલ્યો હતો.

પરંતુ તે ઓર્ડરની કોપી મોકલી ન હતી. જ્યારે નરેશભાઈએ કહ્યું હતું કે, કોસ્ટ ગાર્ડ તરફથી તમને મેલ કરીને નોકરીનો કોલ લેટર મોકલવામાં આવશે. ત્યાર બાદ એમટીએસ વિભાગમાં ટ્રેનિંગનો મેલ કર્યો હતો. ત્યાર બાદ નરેશભાઈએ શૈલેશભાઈને વોટ્સએપથી વાત કરીને કહ્યું હતું કે, ચિરાગનું પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ અને સિવિલનું મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરવું પડશે, જેથી તેમણે તે બંને કરાવી લીધાં હતાં. ત્યાર બાદ ટ્રેનિંગ માટેનો લેટર પણ મોકલી આપ્યો હતો. ત્યાર બાદ કોઈ કારણસર ટ્રેનિંગ કેન્સલ થઈ હોવાનું કહીને ટ્રેનિંગ માટેનો નવો કોલ લેટર તમને મોકલવામાં આવશે તેવું કહીને ગલ્લાતલ્લા કરતો હતો. આ રીતે સવા વર્ષ કરતાં પણ વધારે સમય થઈ ગયો હોવા છતાં ચિરાગને નોકરીનો કોલ લેટર ન મળતા નરેશભાઈ પરમારે છેતરપિંડી કરી હોવાની જાણ થતા શૈલેશભાઈએ શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ કરવામાં આવી હતી.બીજી ઘટના જોઇએ તો વડોદરામાં ક્રેડિટ કાર્ડ સ્વાઇપ કરીને ભેજાબાજે પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલા રૂપિયા કાર્ડ ધારકને પરત નહીં આપી બે લાખ નેવુ હજારની છેતરપિંડી કરી હતી. જે અંગે સિટિ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. માંડવી ઉત્તમચંદ ઝવેરીની પોળમાં રહેતા સોએબ સિદ્દીકભાઇ મેમણ કપડાનો ધંધો કરે છે. સિટિ પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, મારી અને મારી પત્નિપાસે ચાર ક્રેડિટ કાર્ડ છે. હું ચાર વર્ષથી યાકુતપુરા મદાર મહોલ્લામાં રહેતા આસિફશા નજુશા દિવાનને ઓળખું છું. અમારે વેપાર માટે પૈસાની જરૂર પડે ત્યારે આસિફશા દિવાન અમારા ક્રેડિટ કાર્ડ સ્વાઈપ કરી મારા એકાઉન્ટમાં રૃપિયા ટ્રાન્સફર કરી આપતા હતા. તે મારા પાસે ચાર્જ પેટે બે ટકા લેતો હતો. અમારી વચ્ચે સારા સંબંધ હોઇ મેં મારા ક્રેડિટ કાર્ડ તેને આપ્યા હતા. માર્ચ - ૨૦૨૫ માં આસિફશા દિવાને મારા ક્રેડિટ કાર્ડના ઓ.ટી.પી. મારી પાસેથી મેળવી લઇ કુલ ૩.૩૯ લાખ ટ્રાન્સફર કરી લીધા હતા. જે પૈકી તેણે મારા એકાઉન્ટમાં માત્ર ૪૯ હજાર ટ્રાન્સફર કર્યા હતા. બાકીના રૂપિયા ૨.૯૦ લાખ હજી મને પરત આપ્યા નથી. તેમ વધુમાં જણાવતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.

---

### કેચ ધ રેઇન- સુજલામ સુફલામ જળ અભિયાન ૨.૦નો એક મહિનો પૂર્ણ, ૧૩૦૦ કાર્ય પ્રગતિ હેઠળ, ૩૧૭ કાર્ય પૂર્ણ

# તળાવ ઊંડા કરવાનું કાર્ય પ્રાથમિકતા ૧૮૫૯ માંથી ૪૫૦ પ્રગતિ હેઠળ

### માસ્ટર પ્લાન અંતર્ગત ૨૨૪૦ કામો મનરેગા હેઠળ કરવાનો લક્ષ્યાંક : અત્યારસુધીમાં ૪૭૬ કામોને અમલી, ૨૧૩ કામો પૂર્ણ

ગાંધીનગર, તા. ૮

જળ સંરક્ષણ પ્રત્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રઢ સંકલ્પને આગળ વધારતાં, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૪ એપ્રિલે કેચ ધ રેઇન સુજલામ સુફલામ જળ અભિયાન ૨.૦ની શરૂઆત કરી હતી. આ અભિયાનને હવે એક મહિનાથી વધુ સમય થઈ ચૂક્યો છે અને આટલા ઓછા સમયગાળામાં રાજ્ય સરકારે નોંધનીય પ્રગતિ કરી છે. ૫ મે સુધીના ડેટા અનુસાર, કુલ ૧૦,૫૨૩ લક્ષિત કાર્યોમાંથી, ૧,૩૦૦ કાર્યોનું અમલીકરણ શરૂ થઈ ગયું છે જ્યારે ૩૧૭ કાર્યો સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગયા છે.

સુજલામ સુફલામ જળ અભિયાન ૨.૦ હેઠળ મહેસાણા જિલ્લાએ જળ સંરક્ષણ અને ગ્રામીણ માળખાગત સુવિધાઓના ક્ષેત્રમાં નોંધપાત્ર નેતૃત્વ દર્શાવ્યું છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૪૧૬ કામો અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવ્યા છે, જે રાજ્યના તમામ જિલ્લાઓમાં સૌથી વધુ છે. ત્યારબાદ બનાસકાંઠા (૧૫૯), ભરૂચ (૧૩૯), આણંદ (૧૨૧), દેવભૂમિ દ્વારકા (૧૧૪), ગીર સોમનાથ (૯૯) અને પોરબંદર (૯૩) જેવા જિલ્લા અગ્રણી સ્થાન પર છે, જે અભિયાનને વેગ આપી રહ્યા છે. આ ઉપરાંત, બોટાદ (૯૧), અમદાવાદ (૮૮), નવસારી (૭૪), જામનગર (૫૮), જૂનાગઢ (૩૦), અમરેલી (૨૩), ભાવનગર (૨૦), સાબરકાંઠા (૨૦), પાટણ (૧૬), ગાંધીનગર (૧૨) અને પંચમહાલે (૧૦) પણ અભિયાનમાં સક્રિય ભાગીદારી નોંધાવી છે.સુજલામ સુફલામ જળ અભિયાન ૨.૦ હેઠળ, ૩૬ વિવિધ શ્રેણીઓમાં કામો હાથ ધરવામાં આવી રહ્યા છે, જેમાં તળાવોને ઊંડા કરવાની પ્રવૃત્તિ સૌથી વધુ સક્રિય રહી છે. વર્ષ ૨૦૨૫ માટે નિર્ધારિત ૧૮૫૯ લક્ષ્યાંકોમાંથી અત્યાર સુધીમાં ૪૫૦ કામો પ્રગતિમાં છે અને ૪ કામો પૂર્ણ થયા છે. અન્ય મુખ્ય પ્રવૃત્તિઓમાં, બોરવેલ રિચાર્જ માટે નિર્ધારિત ૬૬૦ લક્ષ્યોમાંથી ૧૪૯ પર કામ ચાલુ છે, જ્યારે ચેક ડેમ ડીસિલ્ટિંગના ૧,૯૯૦ પ્રોજેક્ટ્સમાંથી ૧૩૩ પર કામ શરૂ થઈ ગયું છે. ચેક ડેમ સમારકામ માટે કુલ ૮૨૬ કામોનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, નહેર સંરચનાની સફાઈ, વરસાદી પાણીના નિકાલ માટેની ગટરોની જાળવણી અને વરસાદી પાણીનો સંગ્રહ જેવી વિવિધ પ્રવૃત્તિઓનો પણ આ અભિયાનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

*જળ સંસાધન વિભાગ મહત્તમ ૫,૭૩૪ કામો અમલમાં મૂકશે* સુજલામ સુફલામ જળ અભિયાન ૨.૦ હેઠળ વિભાગો દ્વારા કામોના અમલીકરણની વાત કરીએ તો, ગુજરાતનો જળ સંસાધન વિભાગ ૫૭૩૪ આયોજનબદ્ધ કામોની સાથે સૌથી આગળ છે, જે જળ સંરક્ષણના પ્રયાસોમાં રાજ્યની મુખ્ય ભૂમિકા પ્રદર્શિત કરે છે. હાલમાં વિભાગના ૬૩૨ કામો સક્રિય રીતે પ્રગતિમાં છે. ત્યારબાદ, ગ્રામીણ વિકાસ વિભાગ ૨૨૪૪ કામોના લક્ષ્યાંક સાથે બીજા સ્થાન પર છે, જેમાંથી ૪૭૮ કામોનું અમલીકરણ શરૂ થઈ ગયું છે. અન્ય મુખ્ય વિભાગોમાં પાણી પુરવઠા વિભાગ ૭૯૬ કામો, પંચાયત અને ગ્રામીણ આવાસ વિભાગ ૬૦૦ કામો તેમજ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ દ્વારા ૬૪૪ કામોના અમલીકરણનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

મનરેગા હેઠળ અમલીકરણની પદ્ધતિઓને આ વર્ષ ત્રણ કેટેગરીમાં વિભાજિત કરવામાં આવી છે, જેમાં મનરેગા જનભાગીદારી અને વિભાગીય કામો સામેલ છે. આ અભિયાનના માસ્ટર પ્લાન અંતર્ગત ૨૨૪૦ કામો મનરેગા હેઠળ કરવાનો લક્ષ્યાંક છે, અને અત્યારસુધીમાં તેમાંથી ૪૭૬ કામોને અમલી કરવા માટે તેમદ ૨૧૩ કામોને પૂર્ણ કરવા સાથે મનરેગા સૌથી આગળ છે.

બીજી બાજુ વિભાગીય કામોની વાત કરીએ તો, તેના હેઠળ ૪૨૨૭ કામો કરવામાં આવનાર છે, જેમાંથી અત્યારસુધીમાં ૩૮૭ કામો પ્રગતિ પર છે અને ૬૦ કામો પૂર્ણ થઈ ચૂક્યા છે. અંતે, જનભાગીદારીની વાત કરીએ તો તેના હેઠળ ૪૦૫૬ કામોને સંપાદિત કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે અને અત્યારસુધીમાં ૪૩૭ કામો પ્રગતિમાં છે અને ૪૪ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, આ સમગ્ર અભિયાન હેઠળ કરવામાં આવેલા કામો થકી અત્યારસુધીમાં ૬૮,૫૮૬ માનવદિવસોનું પણ સર્જન થયું છે.

# સરકારી આદર્શ નિવાસી શાળાઓનું ધો. ૧૦નું ઝળહળતું પરિણામ

### સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ અભિનંદન પાઠવ્યા

રાજકોટ, તા. ૮

ગઈકાલે ધોરણ ૧૦નું બોર્ડનું પરિણામ જાહેર થયું છે ત્યારે સામાજિક ન્યાય અને અધિકારિકતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની આદર્શ નિવાસી શાળાનું ૯૬.૦૩ ટકા તથા વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની શાળાનું ૯૯.૩૬ ટકા પરિણામ આવ્યું છે.

આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યની અનુસૂચિત જાતિ હસ્તકની ૨૪ આદર્શ નિવાસી શાળાઓમાં અભ્યાસ કરતાં ૫૮૦ વિદ્યાર્થીઓમાંથી ૫૫૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

જેમાં ડીસ્ટીકશન સાથે ૨૬૬ વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે. આ ઉપરાંત ૧૭૯ વિદ્યાર્થીઓએ ફર્સ્ટ કલાસ તેમજ ૮૫ વિદ્યાર્થીઓએ સેકન્ડ કલાસ પ્રાપ્ત કર્યો છે.

રાજ્યની વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની કુલ ૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં અભ્યાસ કરતા ૧૨૫૦ વિદ્યાર્થીઓમાંથી ૧૨૪૨ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

જેમાં, ડીસ્ટીકશન સાથે ૭૭૪ વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે. તેમજ ૩૩૭ વિદ્યાર્થીઓ ફર્સ્ટ કલાસ તેમજ ૧૨૫ વિદ્યાર્થીઓ સેકન્ડ કલાસ સાથે ઉત્તીર્ણ થયા છે.



---

### ખબર છે કે આ પ્રકારે ફ્રોડ થાય છે છતાં લોકો જાગતા નથી અને બને છે શિકાર

# શેરબજારમાં કમાણીની લાલચમાં ઓફિસરે ગુમાવ્યા એક કરોડ

## વ્હોટ્સએપ પર રોકાણ માટેનો મેસેજ આવ્યો, પછી લિંક આવીઃ પખવાડીયામાં જ એક કરોડ રોકી દીધાઃ તેની સામે પાંચ કરોડનો નફો દેખાડાયોઃ પણ બે કરોડ ઉપાડવા જતાં કહેવાયું પહેલા વીસ લાખ ભરો ત્યારે છેતરાયાની ખબર પડી

રાજકોટઃ ઓનલાઇન ઠગાઇના કિસ્સાઓમાં રોજબરોજ લોકો લાખો કરોડો ગુમાવી રહ્યા છે. સાયબર ગઠીયાઓ પણ એકને એક પ્રકારના નુસ્ખાઓનો ઉપયોગ કરી લોકોને છેતરી રહ્યા છે છતાં અમુક લોકો જાગૃત થતાં નથી અને લાલચમાં લપેટાઇ જઇ ફલાણી ઢીકણી સ્કીમમાં કે પછી વળતર મેળવવાની લ્હાયમાં મોટી રકમ ગુમાવી બેસે છે. સ્ટોક માર્કેટમાં ઉંચા નફાની લાલચ આપી એક કંપનીના ઓફિસરને એક કરોડમાં ગઠીયાઓ નવડાવી ગયા છે. ઓનલાઇન એપ મારફત આ ઓફિસરનો સંપર્ક કરી તેને એપ ડાઉનલોડ કરાવડાવી રોકાણ કરવા લલચાવાયા હતાં. પખવાડીયાના ટુંકા ગાળામાં જ આ ઓફિસર મસમોટી રકમ નફા રૂપે મેળવવાની લાલચમાં લપેટાઇ એક કરોડનું રોકાણ કરી બેઠા હતાં. પછી છેલ્લે છેતરાઇ ગયાની ખબર પડી ત્યારે મોડુ થઇ ગયું હતુ.

લાલબત્તી સમાન એવી આ ઘટના પર નજર કરીએ તો ભાવનગરમાં રહેતા નિરમા કંપનીના ફિલ્ડ ઓફિસરે સ્ટોક માર્કેટમાં ઉંચા વળતરની લાલચમાં ઓનલાઈન એપ્લિકેશન ડાઉનલોડ કરી પંદર દિવસના ટૂંકાગાળામાં કટકે-કટકે રૂા.એક કરોડથી વધુની રકમ જમા કરાવ્યા બાદ ગ્રુપ એડમિન તથા સ્ટાફે મુળ રકમ તથા નફો ઉપાડવા ન દેતાં યુવકને પોતાની સાથે ઠગાઈ થયાનું ભાન થયું હતું. યુવકે અજાણ્યા મોબાઈલધારક તથા એપ્લિકેશનના સંચાલકો વિરૂદ્ધ રૂપિયા એક કરોડથી વધુની ઠગાઈ આચર્યાની ફરિયાદ નોંધાવી હતી. મૂળ સુરતના વતની અને શહેરના તળાજા રોડ, ટોપ-૩ સર્કલ નજીક આવેલ ઈશાવાસ્યમમા રહેતા અને નિરમા કંપનીમાં ફિલ્ડ ઓફિસર તરીકે નોકરી ફરજ બજાવતા અજયભાઈ જસવંતભાઈ પટેલના મોબાઈલના વોટ્સએપ એકાઉન્ટમાં અજાણ્યા વ્યક્તિએ મેસેજ કરી સ્ટોક માર્કેટમાં રોકાણ કરવાથી ૩૦થી ૫૦ ટકા નફો થશે તેવું જણાવ્યું હતું.

આ મેસેજ આવ્યા પછી આ ઓફિસરને એક લિંક મોકલી હતી. આ લિંક મારફત તેઓ અ-૧૧ ઇન્વેસ્ટમેન્ટ એક્સચેન્જ ગ્રુપમાં જોડાયા હતા, જેમાં ગ્રુપ એડમિન તરીકે રોહિત શર્મા નામથી ચાર મોબાઈલ નંબર હતા. એક મહિના સુધી અજયભાઈએ શેર માર્કેટ અંગે ગ્રુપમાં મુકાતી ટીપ્સ અંગે અભ્યાસ કર્યા બાદ ગ્રુપની લિંક દ્વારા તેમણે પોતાનું ડિમેટ એકાઉન્ટ ખોલાવ્યું હતું. અને ક્રિએશન ઇન વી.જી. એપ્લિકેશન ડાઉનલોડ કરવી હતી. જયાં એપ. મારફતે દિવ્યા ભટ્ટ નામની વ્યક્તિએ કસ્ટમર સવસ મેનેજર તરીકે ઓળખ આપી અજભાઈ પાસેથી અલગ-અલગ બેંક ખાતામાં ૨૪ જેટલા ટ્રાન્ઝેક્શન મારફત રૂ.૧,૦૧,૪૦,૦૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા. બાદમાં એપ્લિકેશનના ડિમેટ એકાઉન્ટમાં ટોટલ પ્રોફિટ સાથે આ




### ઠગાઇના બીજા બનાવમાં કંપનીમાં રોકાણના નામે પોણા ત્રણ કરોડનો ચૂનો

રકમ વધીને ઓનલાઈન એકાઉન્ટમાં રૂા. ૪,૯૬,૫૩,૨૭૮ દર્શાવતી હતી. આ જમા રકમ પૈકી રૂપિયા બે કરોડ ઉપાડવા માટે અજયભાઈએ રિકવેસ્ટ નાંખતાં દિવ્યા ભટ્ટે વીસ લાખ ટેક્સ ભરવો પડશે તેમ જણાવી ટેક્સ ભરવાનો આગ્રહ રાખતા અજયભાઈ પટેલે પોતાના નફાની જમા રકમમાંથી ટેક્સ કાપી બાકી વધેલી રકમ પરત કરવા જણાવ્યું હતું.

જો કે એવુ થયું નહોતું. આજદિન સુધી આ એપના એડમિન સહિતના અજાણ્યા શખ્સોએ નફાની રકમ ઉપાડવા નહીં દેતાં યુવકને પોતાની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી થયાનું જણાયું હતું. તેમણે ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ઓનલાઈન એપ મારફતે સ્ટોક માર્કેટમાં રૂા.૧.૧૦ કરોડનું રોકાણ કરાવી રોકાણ કે નફો ન આપી ઠગાઈ આચર્યાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આઈટી એક્ટની કલમ સહિતની કલમ અન્વયે ગુનો નોંધ્યો હતો. ચોંકાવનારી વાત એ છે કે સ્ટોક માક્રેટમાં તગડો નફો મળશે તેવી લાલચમાં આવી જઈને અજયભાઈ પટેલે એપ્લિકેશન મારફત રોકાણ કરેલ રૂ.૧,૦૧,૪૦,૦૦૦ પૈકી રૂ.૨૯,૨૦,૦૦૦ પોતાની અંગત રકમ ઉપરાંત શેરબજારમાં રોકાણ કરવાથી લાભ થશે તેમ જણાવી તેમના મિત્રો અને અને પોતાના બેંક ખાતામાં રકમ મેળવી શેરબજારમાં રોકાણ છે કર્યું હતું.પોતાના બેંક ખાતામાં રકમ મેળવી શેરબજારમાં રોકાણ કર્યું હતું. છેલ્લે આ રકમ ગુમાવવાની વેળા આવી હતી.

ઠગાઇના અન્ય એક બનાવમાં આણંદના તારાપુર તાલુકાના દુગારી ગામના એક વેપારી સાથે પોતાની કંપનીમાં રૂપિયા ૭૦ કરોડનું ટર્ન ઓવર છે, તેમ જણાવીને રૂપિયા ૨.૭૫ કરોડથી વધુની છેતરપિંડી આચરવામાં આવી હતી. જે મામલે ફરિયાદ નોંધાતા પોલીસે પિતા-પુત્ર અને એક અન્ય યુવતી સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. તારાપુર તાલુકાના દુગારી ગામના વેપારી વિજયરાજસિંહ રાજેન્દ્રસિંહ ચુડાસમા સાથે સતાશા ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડના અભિષેક આનંદ રાજીવરંજન સિંગે મિત્રતા કેળવી વર્ષ ૨૦૨૨માં પોતાની માલિકીની સતાશા ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડમાં રૂપિયા ૭૦ કરોડનું ટર્ન ઓવર છે, તેવો વિશ્વાસ અપાવીને વિજયરાજસિંહને એક ફાર્માસ્યુટિકલ કંપની શરૂ કરાવી હતી.

જે અભિષેક સિંગના કહેવાથી રાજીવરંજન સિંગ કે જેઓ અભિષેક સિંગના પિતા છે, તેમને ક્રેડિટ ઉપર રૂપિયા ૭૦,૨૧,૭૪૪નો માલ અપાવ્યા હતો. જેમાંથી ફક્ત રૂપિયા ૧૧,૦૫,૮૭૨ પરત કરી બાકીની રકમ રૂપિયા ૫૯,૧૫,૯૦૨ વિજયરાજસિંહે વારંવાર જણાવવા છતાં ચૂકવી ન હતી. તેમ છતાં બંને પિતા-પુત્રએ વિજયરાજસિંહને ફરી વિશ્વાસ અપાવી સતાશા ફાર્માસ્યુટિકલ -ઇવેટ લિમિટેડને દવા બનાવવાનો ઓર્ડર અપાવી વિજયરાજસિંહ પાસે તે કંપનીના ખાતામાં રૂપિયા ૧૩,૦૦,૦૦૦ જમા કરાવ્યાં હતા. તેમ છતાં ઓર્ડર મુજબ વિજયરાજસિંહને માલ આપ્યો ન હતો. ત્યારબાદ પણ વિજયરાજસિંહને ખોટો વિશ્વાસ અપાવી બંને પિતા - પુત્રએ સારા વળતરની લાલચ આપી વિજયરાજસિંહ સાથે રૂપિયા ૨, ૫૭,૧૫,૯૦૨ની છેતરપિંડી આચરી હતી. આ અંગે વિજયરાજસિંહ રાજેન્દ્રસિંહ ચુડાસમાએ તારાપુર પોલીસે તપાસ શરૂ કરી હતી.

### ગુનેગાર ગમે તેવો શાતીર હોય પોલીસ ધારે તો ગમે ત્યારે ગમે ત્યાંથી શોધી કાઢે

# સગીરાનું અપહરણ કરી રાજકોટમાં છુપાયેલો ભુરીયો ઝડપાયો

## ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની ડી. સ્ટાફ ટીમને પાક્કી માહિતી મળતાં ઘંટેશ્વરમાંથી પકડી લેવાયોઃ અપહૃત પણ મળી આવતાં બંનેનો કબ્જો સુરત પોલીસને સોંપાયો

રાજકોટઃ ગુનેગારો ગમે એટલા શાતીર હોય તો પણ પોલીસ ધારે તો તેને ગમે ત્યાંથી શોધી કાઢતી હોય છે. અવાર-નવાર આ પ્રકારે ભાગેડુઓને અલગ અલગ શહેર ગામની પોલીસ શોધી કાઢતી હોય છે. દરમિયાન રાજકોટ ગાંધીગ્રામ પોલીસે આવા જ એક આરોપીને શોધી કાઢ્યો હતો. બે મહિના પહેલા સુરતનો આ શખ્સ એક સગીરાને ભગાડી ગયો હતો. આ મામલે સુરતમાં તેના વિરૂધ્ધ અપહરણનો ગુનો દાખલ થયો હતો. સુરત પોલીસ તેને સતત શોધી રહી હતી પરંતુ પત્તો મળતો નહોતો. દરમિયાન ગાંધીગ્રામ ડી. સ્ટાફની ટીમને મળેલી ચોક્કસ માહિતીને આધારે તેને ઘંટેશ્વર વિસ્તારમાંથી શોધી લેવાયો હતો. સાથે જેનું અપહરણ થયું હતું તે યુવતિ પણ હતી. આ બંનેને રાજકોટ ગાંધીગ્રામ પોલીસે સુરત પોલીસને સુપરત કર્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો બે મહિના પહેલા સુરતથી એક સગીરાનું અપહરણ કરીને ભાગી છુટેલો શખ્સ હાલ રાજકોટમાં રહેતો હોવાની ચોક્કસ બાતમી ગાંધીગ્રામ પોલીસને મળતાં તેના આધારે આ શખ્સને પકડી લેવાયો હતો. જે તે વખતે તેણે જેનું અપહરણ કર્યુ તેણી સગીર વયની હતી. બાદમાં તે પુખ્ત વયની થઇ જતાં તેની સાથે લગ્ન કરી લીધા હતાં. જો કે અગાઉ અપહરણનો ગુનો દાખલ થયો હોઇ આ ગુનામાં તેની ધરપકડ કરવામાં આવી હતી. શહેરના ગાંધીગ્રામ પોલીસની ટીમ ભાગતા ફરતાં હોય તેવા ગુનેગારો, કોર્ટમાંથી સજા પડ્યા બાદ ફરાર હોય તેવા શખ્સોને શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. મશરીભાઇ ભેટારીયા, કોન્સ. મુકેશભાઇ સબાડ, પ્રદિપભાઇ ડાંગરને બાતમી મળી હતી કે સુરત ચોક બજાર પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં બે મહિનાથી ફરાર શખ્સ હાલ રાજકોટ ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટરમાં અપહૃત સાથે રહે છે.



આ અંગેની ચોક્કસ બાતમી-માહિતી મળતાં જ પોલીસની ટીમ ઘંટેશ્વર પચ્ચીસ વારીયામાં પહોંચતા આ શખ્સ મળી આવ્યો હતો. તેણે પુછતાછમાં પોતાનું નામ ચિરાગ ઉર્ફ ભુરીયો ભરતભાઇ મકવાણા હોવાનું અને પોતે સુરત ડભોઇના ભુવનેશ્વરીનગર મકાન નં. ૧૩૫નો મુળ રહેવાસી હોવાનું જણાવ્યું હતું. ત્રેવીસ વર્ષનો ચિરાગ ઉર્ફ ભુરીયો જેનું બે મહિના પહેલા અપહરણ કરી ભાગી નીકળ્યો હતો તે ભોગ બનનાર પણ અહિથી મળી આવતાં બંનેનો કબ્જો સુરત પોલીસને સોંપાયો હતો.

જો કે જે તે વખતે ચિરાગે જેને ભગાડી તેણી સગીર વયની હતી એ પછી તે પુખ્ત વયની થઇ જતાં તેની સાથે લગ્ન કરી લીધા હતાં. જો કે અગાઉ અપહરણનો ગુનો નોંધાયો હોઇ તેની ધરપકડ થઇ હતી. આ શખ્સ વિરૂધ્ધ અગાઉ સુરતમાં દારૂ સહિત ત્રણ ગુના નોંધાયા હતાં. સુરતમાં આ શખ્સ વિડીયો એડીટીંગનું કામ કરતો હતો. રાજકોટમાં છુટક કામ કરી ગુજરાન ચલાવતો હતો.

આ શખ્સને શોધી કાઢવાની કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધિકા ભારાઇની સુચના અંતર્ગત પીઆઇ એસ. આર. મેઘાણી, પીએસઆઇ એ. એસ. મકરાણી, હેડકોન્સ. મશરીભાઇ ભેટારીયા, સહદેવસિંહ જાડેજા, રવિભાઇ ગઢવી, રોહિતદાન ગઢવી, શબ્બીરભાઇ મલેક, કોનસ. અમીનભાઇ ભલુર, મુકેશભાઇ સબાડ, પ્રદિપભાઇ ડાંગર, રઘુવીરસિંહ જાડેજા, ભરતભાઇ મકવાણા, પ્રશાંતભાઇ ગજેરા, કોન્સ. રીનાબેન પરમાર, હોમગાર્ડ મહિપાલસિંહ જાડેજાએ કરી હતી. પોતે ઓળખાઇ ન જાય એ માટે આ શખ્સ ઘરેથી નીકળે ત્યારે ખુબ તકેદારી રાખતો હતો. પરંતુ અંતે તેની બાતમી મળી ગઇ હતી અને પોલીસે દબોચી લીધો હતો.

# માતા-પિતાનું ઘર છોડી ચુકેલી યુવતિએ દુનિયા પણ છોડી દીધી

## મોચીનગરની સત્યાવીસ વર્ષની યુવતિ હાલ વિશ્વનગરમાં રહેતી હતીઃ એસિડ પી મોત મેળવી લીધું-કારણ અકળઃ બીજા બનાવમાં રાજકોટ જેલમાં હત્યાના કેદીનું બેભાન થઇ ગયા બાદ મોત

રાજકોટઃ અલગ અલગ કારણોસર લોકો આત્મહત્યા કરી દુનિયામાંથી વિદાય લઇ લેતાં હોય છે. વધુ એક આવી ઘટના બની છે. જેમાં માતા-પિતાનું ઘર છોડી અલગ રહેતી યુવતિએ એસિડ પી મોત મેળવી લીધુ હતું. તેણીએ આ પગલુ શા માટે ભર્યુ? તેની વિગતો બહાર ના આવતાં પોલીસે તપાસ યથાવત રાખી હતી.



વિગતો પર નજર કરીએ તો શહેરના માયાણી ચોક વિશ્વનગરમાં રહેતી બીનાબેન દિનેશભાઇ પરમાર નામની સત્યાવીસ વર્ષની યુવતિએ ગત પંદરમી એપ્રિલના રોજ એસિડ પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં માલવીયાનગરના હેડકોન્સ. કે. જી. ઝાલાએ જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ બીનાબેન એક ભાઇથી મોટી હતી અને તેણીના માવતર મોચીનગરમાં રહે છે. જો કે હાલમાં તે માતા-પિતાથી અલગ મિત્ર સાથે રહેતી હતી. તેણી અગાઉ અલગ અલગ નોકરી કરતી હતી. તેણીએ આ પગલુ ભર્યુ તેનું કોઇ કારણ સામે ન આવતાં હેડકોન્સ. અરૂણભાઇ ચાવડાએ વિશેષ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં રાજકોટ શહેરની સેન્ટ્રલ જેલમાં રખાયેલા પાકા કામના કેદીનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું છે. વિગતો અનુસાર દેવભુમિ દ્વારકાના કલ્યાણપુર ગામના રહેવાસી ઓગણસિત્તેર વર્ષના મેરામભાઇ રામાભાઇ ડાંગરને હત્યાના ગુનામાં રાજકોટ જેલમાં પાકા કામના કેદી તરીકે રખાયા હોઇ અહિ નવી જેલ-૧માં બિમારીને કારણે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરતાં પીએસઆઇ જે. બી. રાણીંગાએ જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ મૃતકને શ્વાસની બિમારી હતી. તેમના પરિવારજનોને જાણ કરવા પોલીસે તજવીજ કરી હતી.

અન્ય એક ઘટનામાં એક મહિલાએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પણ પતિ તેને ગળાફાંસો ખાતાં જોઇ જતાં જીવ બચી ગયો હતો. ઘટના સાયલાના ઢાકણીયા ગામે બની હતી. અહિ મહિલાએ ગળાફાંસો ખાઇ આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. ઢાકણીયા રહેતાં સુડતાલીસ વર્ષના કૈલાસબા જીતુભા ગઢવી નામના મહિલાએ રાતે સાડા અગિયારેક વાગ્યે ઘરે દોરીથી ગળાફાંસો ખાઇ લેવાનો પ્રયાસ કરતાં પતિ જાગી જતાં તેમણે બચાવી લીધા હતાં. ચોટીલા સારવાર અપાવી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે સાયલા પોલીસને જાણ કરી હતી. કૈલાસબાને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પતિ પશુપાલન અને ખેતી કરી ગુજરાન ચલાવે છે. માનસિક તકલીફને કારણે તેમણે આવુ કર્યાનું સગાએ જણાવ્યું હતું. સારવાર બાદ તેમને રજા અપાઇ હતી. સાયલા પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

# ચીકન ફીશના વેપારીને હિસાબ મામલે કર્મચારીએ મિત્ર સાથે મળી ફટકાર્યા

## હુમલો કરતાં પહેલા કર્મચારીએ સીસીટીવી કેમેરાના કેબલ ખેંચી કેમેરા બંધ કર્યા પછી હુમલો કર્યો



રાજકોટઃ મારામારી માથાકુટના વધુ એક બનાવમાં એક વેપારીને હિસાબ મામલે તેના જ કર્મચારીએ પોતાના મિત્ર સાથે મળી ધોકાવી નાખતા પોલીસને જાણ કરવામાં આવતાં ફરિયાદ દાખલ થઇ છે. ધોરાજીમાં બહારપુર કુરેશી રોડ પર રહેતા રફીકભાઇ ઇસ્માઇલભાઇ ઉર્ફે માલાભાઇ બોળા નામના સાડત્રીસ વર્ષના યુવાનએ જામકંડોરણા પોલીસ મથકમાં સાહીલ રફીકભાઇ ચુડાસમા અને કાનો કિશોરભાઇ રાઠોડ સામે ફરીયાદ નોંધાવી છે. રફીકભાઇએ ફરીયાદમાં જણાવ્યું છે કે હું જામકંડોરણામાં ગોંડલ રોડ પર ગેબી ચીકન એન્ડ ફીશ નામની દુકાન ધરાવુ છું. દુકાનમાં જામકંડોરણામાં રહેતા અયુબભાઇ અજીજભાઇ પઠાણ અને સાહિલ રફીકભાઇ ચુડાસમા બંને દુકાનમાં બેસી વેપાર કરતા હોઇ જેથી હુ બે દિવસ પહેલા સાંજે હીસાબના પૈસા લેવા માટે મારી દુકાને આવ્યો હતો.આ વખતે મારા માણસો અયુબભાઇ અને સાહીલ બંને સાફ-સફાઇ કરતા હતા અને મે અયુબભાઇને તેના ઘરે મોકલી દીધા બાદ મારે હિસાબ કરવો હોઇ તેથી મારી દુકાનનો ડેલા બંધ કરી દીધો હતો અને સાહીલ અને હું બંને દુકાનમાં હિસાબ કરવાની તૈયારી કરતા હતાં. ત્યારે મારી પાછળ માથામાં અચાનક કોઇએ ઘા મારેલ જેથી પાછળ ફરીને જોયું તો કોઇ અજાણ્યો શખ્સ હાથમાં પાઇપ લઇને ઉભો હતો અને તેણે બીજો ઘા પણ મને મારી દીધો હતો અને ત્રીજો ઘા મારવા જતા મેં પાઇપ પકડી લીધો અને મેં સાહિલને પાટુ મારી કહેલ કે 'તું ઝડપથી દરવાજો ખોલ અને આ અજાણ્યા શખ્સ પાસેથી મેં પાઇપ આંચકી લીધો તે શખ્સ ભાગવા લાગ્યો જેથી હું તેની પાછળ ગયો ત્યાં તે ભાગી ગયો હતો. ત્યારબાદ હું પાછો દુકાને આવતો હતો ત્યારે મારો માણસ સાહિલ ચુડાસમાં મારૂં એકસેસ લઇને જતો હોઇ મેં તેને ઉભો રાખતા તેણે કહેલ કે 'હું હમણા પાંચ મીનીટમાં આવું છું કહી જતો રહ્યો હતો. હિસાબના પૈસા પણ તેની પાસે હતા. બાદ મારી દુકાનની સામે પાનની દુકાન ધરાવતા જયેન્દ્રભાઇ આવી જતા મને બાઇકમાં બેસાડી દવાખાને લઇ ગયા હતાં. બાદ બીજા દીવસે મારા બીજા માણસને મે ફોન કરીને બનાવની વાત કરતા તેણે કહેલ કે 'તમને માર મારનાર કાનો કિશોર રાઠોડ અને તે બે-ત્રણ દિવસથી સાહીલ સાથે ફરતો હતો અને દુકાને આવતો હતો. તેમજ દુકાને કેમેરાના કેબલ પણ કાઢી નાખ્યા હતાં. આ પછી હુમલો કરાયો હતો.

### વ્યાજંકવાદને ડામવા પોલીસ સક્રિય છે આમ છતાં સમયાંતરે સામે આવે છે કિસ્સા

# આઠ લાખનું સવા કરોડ વ્યાજ માંગી વેપારીનું અપહરણ

## બે શખ્સે વેપારીના દિકરાને મારી નાંખવાની ધમકી આપી જમીનનું સાટાખત લખાવી લીધું

રાજકોટઃ વ્યાજંકવાદના કિસ્સા સતત સામે આવી રહ્યા છે. આ દૂષણને ડામવા પોલીસ સક્રિય રહે છે અને વ્યાજખોરોને જેલભેગા પણ કરે છે. આમ છતાં આવા બનાવ અટકતા નથી. વધુ એક કિસ્સામાં એક વેપારી વ્યાજંકવાદમાં ફસાઇ ગયા છે. દિકરીના લગ્નપ્રસંગ માટે તેમણે જરૂર પડતાં રાજકોટના શખ્સ પાસેથી કટકે કટકે આઠેક લાખ લીધા હતાં. પણ હવે વ્યાજખોર આ રકમ સામે એક કરોડ પાંત્રીસ લાખની ઉઘરાણી કરી ધાકધમકી આપે છે. માથે જતાં તેમનું અપહરણ કરી પઠાણી ઉઘરાણી કરી ખેતીની જમીનનું સાટાખત લખાવી લેવાયુ હતું. તેમજ વેપારીના દિકરાને મારી નાખવાની ધમકી પણ અપાઇ હતી. આ મામલે પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે.

વિગતો પર નજર કરીએ તો મોરબીમાં રવાપર રોડ ઉપર રહેતા પેકેજિંગના વેપારી આધેડને દીકરીના લગ્ન માટે નાણાકીય જરૂરત પડયા બાદ મોરબીના શખ્સ મારફતે રાજકોટના વ્યાજખોર પાસેથી કટકે કટકે આઠ લાખ વ્યાજે લીધા બાદ એક જ વર્ષમાં આઠ લાખનું વ્યાજનું વ્યાજ વસૂલવા હવે એક કરોડ પાંત્રીસ લાખ દેવા પડશે તેમ કહી અપહરણ કરી પુત્રને મારી નાખવાની ધમકી આપી રવાપરની કરોડોની કિંમતી ખેતીની જમીનનું સોદાખત લખાવી લેતા ચકચારી બનાવના એસઓજી પોલીસને અરજી કર્યા બાદ ગુન્હો




બન્ને વ્યાજખોરો વિરુદ્ધ દાખલ થયો છે. આતંકી વ્યાજખોરીના આ બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ મોરબીના રવાપર રોડ ઉપર બોની પાર્કમાં રહેતા સંજયભાઈ ધરમશીભાઈ અઘારા નામના બાવન વર્ષના પેકેજીંગના ધંધાર્થી એ સીટી એ ડિવિઝન પોલીસ મથકમા મોરબીના રવાપર રોડ પર રહેતાં રમેશ દેવા બોરીચા તેમજ રાજકોટના મોહિત રામ આગરિયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે.

તેમણે એફઆઇઆરમાં જણાવ્યું છે કે તેમની પુત્રીના લગ્ન સમય ખર્ચને પહોંચી વળવા પાડોશી પાસેથી દસ લાખ ઉછીના લીધા હોય જે પરત આપવા માટે આરોપી રમેશ દેવા બોરીચા મારફતે રાજકોટના વ્યાજખોર મોહિત પાસેથી પ્રથમ પાંચ લાખ વ્યાજે લીધા હતા. આ સમયે વ્યાજખોર મોહિત અને રમેશે વ્યાજ કેટલું થશે તે કહેવાને બદલે પછી હિસાબ કરીશું તેમ કહી જમીન હડપ કરવા કાવતરું કર્યું હતું. બાદમાં રૂપિયા પરત નહિ આપ્યા હોય વધુ એક વખત વ્યાજનો હિસાબ કરવા રાજકોટ બોલાવી ફરી ત્રણ લાખ ફરિયાદી સંજયભાઈના બેન્ક એકાઉન્ટમા વ્યાજખોરે ટ્રાન્સફર કર્યા હતા. દરમિયાન બન્ને વ્યાજખોરોએ મિલાપીપણુ કરી કુલ રૂપિયા આઠ લાખની બદલે એક કરોડ પાંત્રીસ વસુલવાના થાય છે તેમ કહી સંજયભાઈનું મોરબીથી બળજબરીથી કારમાં અપહરણ કરી રાજકોટ લાવી આધારકાર્ડ સહિતના પુરાવાઓ લઈ બાદમાં સંજયભાઈની ભાયુભાગની રવાપર ખાતે આવેલી જમીનનો હિસ્સો પડાવી લેવા બળજબરીથી સોદાખત નોટરી કરાવી લીધો હતો.

એટલુ જ નહિ દિવાની દાવો પણ કોર્ટમાં દાખલ કરી દીધો હતો. સાથે જ જો પૈસા નહિ આપે અને જમીન નહિ આપે તો સંજયભાઈના પુત્રને મારી નાખવા ધમકી આપતા સમગ્ર બનાવ અંગે સંજયભાઈએ એસઓજી પોલીસને અરજી કરી હતી. તેના આધારે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં બંને વ્યાજખોરો વિરૂધ્ધ નાણાં ધીરધારની કલમો તેમજ બીએનએસની કલમો હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. આ બનાવે મોરબી, રાજકોટમાં ભારે ચર્ચા જગાવી છે.

# રૂડાને ૭.૧૭ કરોડના વિકાસ કામો કરવા મંજૂરી

## રાજ્યમાં ઈઝ ઓફ લિવિંગ વધારવા મુખ્યમંત્રીનો ધ્યેય : એક સાથે ૨૨૦૪ કરોડ રૂપિયાના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી

રાજકોટ, તા. ,૮

શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અન્વયે શહેરો અને શહેરી વિસ્તારોના સુઆયોજિત વિકાસ સાથે અર્નિંગવેલ લીવીંગવેલનો ધ્યેય સાકાર કરવા નગરો-મહાનગરોમાં ૨૨૦૪.૮૫ કરોડ રૂપિયાના કામોને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રી સમક્ષ સંબંધિત મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળોએ સ્થાનિક જરૂરિયાત મુજબના વિકાસ કામો માટે સામાન્ય સભામાં મંજૂરી લઈને નાણાં ફાળવવાની કરેલી માંગણી અનુસાર મુખ્યમંત્રીશ્રીએ આ રકમ ફાળવવાની અનુમતિ આપી છે.

શહેરી પરિવેશમાં પરિવર્તન અને નાગરિકોના સશક્તીકરણથી વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેના શહેરોના નિર્માણનો હેતુ વિકાસ કામોની આ સૈદ્ધાંતિક મંજૂરીઓમાં અભિપ્રેત છે. નાગરિક કેન્દ્રીત શહેરોના નિર્માણને કેન્દ્રસ્થાને રાખીને આ હેતુસર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકોમાંથી જે તે નગર-મહાનગરની જરૂરિયાત મુજબના કામો માટે નાણા ફાળવવા અનુમતિ આપી છે. શહેરી વિસ્તારોમાં સડકોના નિર્માણ માટે મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે કુલ ૫૯૭.૭૩ કરોડ રૂપિયાના કામો મંજૂર કર્યા છે.

ભાવનગર મહાનગરપાલિકામાં ચાર માર્ગીય રસ્તા, છર્ઈઈ, મેટલ ગ્રાઉટીંગ જેવા રસ્તાઓના ૨૦ કામો માટે રૂ.૬૮ કરોડ તેમજ જામનગર મહાનગરપાલિકાને સી.સી. રોડના ૧૮ કામો માટે રૂ.૪૩.૮૧ કરોડના કામોની સિદ્ધાંત મંજૂરી આપી છે. એટલુજ નહીં નવરચિત મહેસાણા મહાનગરપાલિકાને ૨૧ કરોડ રૂપિયાના નવા માર્ગો બનાવવા, અન્ડર પાસના, એપ્રોચ રોડ બનાવવા વગેરે માટે ફાળવ્યા છે. નગરો-મહાનગરોમાં ભૂગર્ભ ગટર, સ્ટ્રોમ વોટર લાઈન, ગાર્ડન, લાઇબ્રેરી, રિચાર્જ વેલ, સીટી બ્યુટીફિકેશન, આગવી ઓળખ ઉભી થાય તેવા કામો અને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના કામો અંતર્ગત સવર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી કુલ મળીને ૧૨૪૯.૩૮ કરોડ રૂપિયા ફાળવવા અનુમતિ આપી છે.

આ કામોથી ભાવનગર મહાનગરપાલિકાને રૂ.૭૧ કરોડ, જામનગર મહાનગરપાલિકાને રૂ.૬૬.૯૧ કરોડ, મહેસાણા મહાનગરપાલિકાને રૂ.૨૨.૫૦ કરોડ તેમજ ગોધરા નગરપાલિકાને રૂ.૭.૯૯ અને ગણદેવીને રૂ.૧.૬૮ કરોડના કામો હાથ ધરવા અનુમતિ આપી છે. શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળોને કેનાલ સાઈડ પ્રોટેકશન વોલ, ડી.પી. રોડના બાંધકામ, લાઈબ્રેરી બિલ્ડિંગ વગેરે માટે કુલ ૨૦.૧૯ કરોડ રૂપિયાના કામો મંજૂર કર્યા છે

મુખ્યમંત્રીએ સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી માટે રૂ.૧૧.૬૨ કરોડ, ભાવનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી માટે રૂ. ૧.૪૦ કરોડ અને રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી માટે રૂ. ૭.૧૭ કરોડના કામો હાથ ધરવા અનુમતી આપી છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ખાનગી સોસાયટી જન ભાગીદારી ઘટકના કામો માટે વડોદરા મહાનગરપાલિકાને પેવર બ્લોક, ગટર જોડાણના કામો માટે ૨.૪૯ કરોડ, કડી નગરપાલિકાને રૂ.૨.૨૯ કરોડ, ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ. ૦.૮૩ કરોડ, આણંદ મહાનગરપાલિકાને ૩.૩૭ કરોડ તથા પાલનપુર નગરપાલિકાને ૦.૨૪ કરોડ રૂપિયા ફાળવવાની અનુમતિ મુખ્યમંત્રીએ આપી છે.




### વિવિધ હેડ હેઠળ ફાળવેલી રકમ

- મુખ્યમંત્રી શહેરી સડક યોજના માટે રૂ.૫૯૭.૭૩ કરોડ
- અંતર માળખાકીય વિકાસ કામો માટે રૂ.૧૩૯૯.૭૩ કરોડ
- આઉટગ્રોથ એરીયા ડેવલોપમેન્ટ માટે રૂ.૧૭૦.૦૮ કરોડ
- શહેરી વિકાસ યોજના અન્વયે રૂ.૨૦.૧૯ કરોડ
- જનભાગીદારી યોજના અન્વયે રૂ.૯.૨૧ કરોડ
- આગવી ઓળખના કામો માટે રૂ.૭.૯૧ કરોડ

### ચેતજો હવે વળી એક નવતર નુસ્ખો લઇને આવી ગયા છે સાયબર ગઠીયા

# બેંકના નામે વ્હોટ્સએપ મેસેજ આવ્યો, ઓપન કરતાં ફોન હેક થયો અને રૂપિયા ઉપડી ગયા!

## બચત કરેલા સાડા પાંચ લાખ રૂપિયા સફાચટ થઇ જતાં ગૃહિણીએ ફરિયાદ નોંધવાતા તપાસ શરૂ થઇ

રાજકોટઃ સાયબર ગઠીયાઓએ કસબ અજમાવવાનું ચાલુ જ રાખ્યું છે. વધુ એક વખત ગઠીયાઓએ લાખોનો લાભ લઇ લીધો છે. એક મહિલાને બેંકના નામે વ્હોટ્સએપ મેસેજ-લિંક મોકલાયા હતાં. મહિલાએ આ મેસેજ ઓપન કરતાં જ તેમનો મોબાઇલ ફોન હેક થઇ ગયો હતો. એ પછી તેના બેંક એકાઉન્ટમાંથી લાખો રૂપિયા સફાચટ થઇ ગયા હતાં. આ નવતર ઠગાઇનો કિસ્સો સામે આવતાં સાયબર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરી છે.

વિગતો જોઇએ તો આ બનાવ મોરબી શહેરના રવાપર રોડ ઉપર મધરપાર્કમાં રહેતા પરિણીતાની સાથે બન્યો છે. તેમને બેંકના નામે વોટ્સએપ મેસેજ કરી સાયબર ગઠિયાએ વોટ્સએપ અને બેક એકાઉન્ટ હેક કરી બેંકમાં ખાતામાં રહેલા પાંચ લાખ પચાસ હજાર ઉસેડી લેતા આ નવતર પ્રકારની છેતરપિંડી અંગે મોરબી સીટી એ ડીવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતાં પોલીસે સાયબર ક્રાઇમ નિષ્ણાંતોની મદદથી તપાસ શરૂ કરી છે. વધુ માહિતી અનુસાર રવાપર રોડ ઉપર મધરપાર્કમાં રહેતા રસિલાબેન સતિષભાઈ પનારા નામના સાડત્રીસ વર્ષના ગૃહિણીએ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં બંધન બેન્ક, એચસીએફસી બેન્ક, એનએસડીએલ પેમેન્ટ બેન્ક અને એચડીએફસી બેંકના ખાતા નંબરના આધારે ચાર અજાણ્યા શખ્સો સામે ફરિયાદ દાખલ કરાવી છે.

ભોગ બનેલા રસિલાબેને જણાવ્યું હતું કે હું ઘરે હતી ત્યારે બપોરના સમયે મારા વ્હોટ્સએપમાં ઇન્ડ્સઇન્ડ બેંકના નામે એક મેસેજ આવ્યો હતો. જે મેસેજ ખોલતા જ તેમનું વોટ્સએપ હેક થઈ ગયું હતું. આ રીતે વોટ્સએપ હેક થવાની સાથે જ રસિલાબેનના ઇન્ડ્સઇન્ડ બેન્કમાંથી પણ પૈસા ઉપડી ગયા હતા.

બાદમાં બેંકમાં જઇ તપાસ કરતા તેમની બચતના રૂપિયા સાડા પાંચ લાખ રૂપિયા અલગ અલગ ચાર એકાઉન્ટમાં જમા થઈ ગયાની ખબર પડી હતી. સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સાયબર ફ્રોડના આ બનાવમાં અજાણ્યા ગઠીયાઓ સામે ગુનો નોંધી એકાઉન્ટ નંબરને આધારે તપાસ આગળ ધપાવી છે.

### સાથી કર્મચારીઓને જેમ તેમ બોલવાની ના પાડતાં ન ગમ્યું

# હરિપરના પાટીયે કેટરર્સ કર્મચારી પર ખુરશી-ધોકાથી હુમલો

રાજકોટઃ મારકુટની ઘટનાઓ રોજીંદી થઇ ગઇ છે. કોઇને કોઇ કારણોસર લોકો બટાઝટી બોલાવતાં રહે છે. શહેરના કાલાવડ રોડ પર હરપિરના પાટીયા પાસે રહેતાં મુળ અમરેલી પંથકના યુવાન પર વહેલી સવારે હરિપરના પાટીયા નજીક તે ચા પીવા હોટલે ઉભો હતો ત્યારે સાથે જ કામ કરતાં શખ્સો સહિતનાએ ઝઘડો કરી ખુરશીથી અને લાકડા, પાઇપથી માર મારવામાં આવતાં સારવાર માટે દોડી જવું પડ્યું હતું. વિગતો પર નજર કરીએ તો મુળ અમરેલીના બરવાળા બાવીસી ગામનો હિતેષ દિનેશભાઇ ચૌહાણ નામનો વીસ વર્ષનો યુવાન હાલ રાજકોટના હરિપરના પાટીયા પાસે રૂમ રાખીને રહે છે અને કેટરર્સનું કામ કરે છે. સવારે ચારેક વાગ્યે તે હરિપર પાટીયે દ્વારકાધીશ પાનના ગલ્લા નજીક ચાના થડે ચા પીવા ઉભો હતો ત્યારે કાર લઇને આવેલા ધર્મેશ, મીત સહિતના શખ્સોએ ઝઘડો કરી હોટલ પાસે પડેલી ખુરશી તેમજ ધોકાથી હુમલો કરી માર મારતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે પહોંચ્યો હતો. હિતેષે જણાવ્યું હતું કે પોતે કેટરર્સમાં કામે જાય ત્યારે ધર્મેશ, મીત તેને જે તે સ્થળે લઇ જવા મુકવા કાર લઇને સાથે આવે છે. પોતે કારમાં આગળ બેસતો હોઇ તે વખતે આ શખ્સો ન બોલવાનું બોલી અપમાનીત કરી વારેઘડીએ ગાળો દેતાં હોઇ તેને આવુ કરવાની ના પાડી ટપારતાં ખાર રાખ્યો હતો. દરમિયાન સવારે પોતે ચા પીવા માટે ઉભો ત્યારે આ શખ્સો કાર લઇને આવ્યા હતાં અને હુમલો કરી ભાગી ગયા હતાં. પોલીસે આ વિગતોને આધારે તપાસ શરૂ કરી હતી.

# પંચનાથ પ્લોટમાં બેકાબુ કારચાલકે ટુવ્હીલરને ઠોકરે લેતાં દાદીને હેમરેજ: પૌત્રને ઇજા

## રામનાથપરાનો યુવાન દાદીમાને હોસ્પિટલમાં કાન બતાવીને ઘરે લઇ જતો હતો ત્યારે બનાવઃ એ-ડિવીઝન પોલીસે ગુનો દાખલ કર્યો

રાજકોટઃ શહેરમાં બેફામ વાહન હંકારતા લોકો અવાર-નવાર અકસ્માત સર્જતા હોય છે. ઘણીવાર તેમને પોતાને ઇજા થાય છે કે પછી તેના વાહનમાં નુકસાન થતું હોય છે. તો ઘણીવાર બીજા રાહદારી કે વાહનચાલકો અડફેટે આવી જતાં હોય છે. આવો જ એક બનાવ પંચનાથ પ્લોટમાં બન્યો છે. જેમાં ટુવ્હીલરને કારના ચાલકે ઉલાળી દેતાં બાઇકચાલક રામનાથપરાના યુવાન અને તેના દાદીમાં ફંગોળાઇ જતાં દાદીમાને માથામાં હેમરેજ થઇ જતાં સારવાર માટે દાખલ કરાયા છે. આ બનાવ અંગે એ-ડિવીઝન પોલીસે રામનાથપરા હુશેની ચોક પોલીસ લાઇન પાછળ રહેતાં અને કાપડની દુકાનમાં નોકરી કરતાં એકવીસ વર્ષના યુવાન ફૈઝાન ઇમરાનભાઇ કુરેશીની ફરિયાદ પરથી સ્વીફ્ટ કાર નં. જીજે૦૩કેએચ-૯૨૨૫ના ચાલક સામે ગુનો દાખલ કર્યો હતો.

આ બનાવમાં ફરિયાદ નોંધાવતા ફૈઝાને કહ્યું હતું કે હું મારા દાદી અમીનાબેન યુસુફભાઇ કુરેશી કે જે પંચોતેર વર્ષના છે તેમને કાનની તકલીફ હોઇ જેથી મારા બાઇક જીજે૦૩એમજે-૩૪૩૩માંબેસાડી પંચનાથ હોસ્પિટલે બતાવવા લઇ આવ્યો હતો. અહિ નિદાન કરાવી લીધા બાદ પરત ઘરે જવા નીકળ્યો ત્યારે પંચનાથ પ્લોટ-૯માં પહોંચતા શેરી નં. ૫ તરફથી સ્વીફ્ટ કાર ૯૨૨૫ પુરપાટ ઝડપે આવી હતી અને મારા બાઇક સાથે અથડાઇ જતાં હું અને મારા દાદી ફંગોળાઇ ગયા હતાં. બનાવને પગલે લોકો ભેગા થઇ ગયા હતાં અને કોઇએ અમને ઉભા કર્યા હતાં.

મારાદાદીને નાકમાંથી અને માથામાંથી લોહી નીકળતા હતાં. હું તેને રિક્ષામાં બેસાડી પંચનાથ હોસ્પિટલે લઇ ગયો હતો. અહિ તબિબે નિદાન કરતાં મારા દાદીને માથા પાછળ મુંઢ ઇજાનું જણાવાયું હતું અને ન્યુરો સર્જનને બતાવાવનું કહેતાં બાલાજી ચોક જય હોસ્પિટલમાં મારા દાદીને લઇ જતાં તેમને માથા પાછળ હેમરેજ અને જમણા પગમાં ઇજાનું જણાવાયું હતું. દાદીને ગંભીર ઇજા પહોંચી હોઇ જેથી મારે ફરિયાદ નોંધાવવી પડી હતી. એ-ડિવીઝન પીએસઆઇ એચ. એન. જેઠવાએ ફરિયાદ દાખલ કરી કાર ચાલક સામે કાર્યવાહીની તજવીજ કરી હતી.

# ડો. દસ્તુર માર્ગ પર મોબાઇલ આઇડીમાં સટ્ટો રમતો સૂરજ ચાવડીયા પકડાયો

રાજકોટઃ આઇપીએલના મેચ પર મોબાઇલ ફોનની આઇડીમાં જૂગાર રમવાની મોસમ હાલમાં ખેલેલી છે. વધુ એક આવો દરોડો પડ્યો છે. એસ્ટ્રોન ચોક નજીક ડો.દસ્તુર માર્ગ પર ટી સ્ટોલની સામે પીસીબીને ટીમે બાતમીના આધારે દરોડો પાડી મોબાઇલ ફોનમાં આઇડી પર જુગાર રમતા શખ્સને પકડી લીધો હતો. મળતી વિગત મુજબ ડો.દસ્તુર માર્ગ પર આવેલ ટી સ્ટોલની સામે ફટપાથ ઉપર એક શખ્સ મોબાઇલ ફોનમાં આઇડી પર જુગાર રમતો હોવાની બાતમી મળતા પીસીબીના હેડ કોન્સ. હરદેવસિંહ રાણા સહીતે દરોડો પાડી મોબાઇલની આઇડી પર જુગાર રમતા હંસરાજનગરમાં રહેતાં સુરજ રાજેશભાઇ ચાવડીયાને પકડી લઇ દસ હજારની કિંમતનો મોબાઇલ ફોન કબજે કરી તેની પુછપરછ દરમ્યાન જેતપુરના દર્શન ખાચરીયાનું નામ જાણવા મળતા તેની શોધખોળ હાથ ધરી છે.

# વિદેશી દારૂ ભરેલી રિક્ષા સાથે પીસીબીએ સમીરને પકડ્યો

## કોઠારીયા રોડ સોરઠીયા વાડી સર્કલ પાસે કાર્યવાહી

રાજકોટઃ દારૂની હેરાફેરીનો વધુ એક વખત પીસીબીની ટીમે પર્દાફાશ કર્યો હતો. સોરઠીયાવાડી સર્કલ પાસે પીસીબીની ટીમે દરોડો પાડી તેર હજારનો વિદેશી દારૂ ભરેલી રીક્ષા સાથે એક શખ્સને પકડી લીધો હતો. ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. કુલદીપસિંહ જાડેજા અને વિજયભાઇ મેતાને મળેલી બાતમીને આધારે સોરઠીયા વાડી સર્કલ પાસે એક રીક્ષા આંતરી લીધી હતી.આ રિક્ષામાં દારૂનો જથ્થો હોવાની બાતમી હોઇ તપાસ કરતાં અંદરથી તેર હજાર નવસો પચાસ રૂપિયાની કિમતનો નેવુ બોટલ દારૂ મળતાં તે તથા રિક્ષા કબ્જે કરી ચાલક ભગવતીપરા જયપ્રકાશનગરના સમીર ઇબ્રાહીમભાઇ ઠેબેપપોત્રાની ધરપકડઠ કરી હતી. આ કામગીરી પીસીબી પીએસઆઇ એમ. જે. હુણ તથા હેડ કોન્સ કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા તથા કોન્સ યુવરાજસિંહ દ્વારા કરવામાં આવી હતી. સમીર આ દારૂ ક્યાંથી લાવ્યો? કોને આપવાનો હતો? તેની તપાસ થઇ રહી છે.

# સુરતીલાલાએ રાજકોટના બે મિત્રોને શેર બજારના નામે નવડાવ્યા

## ૧૫૦ રીંગ રોડ પર લોનનું કામ કરતાં ભાવેશભાઇ-ધવલભાઇને એકત્રીસ લાખનો ચૂનોઃ બીજા દસેક લોકોના એકાદ કરોડ ગ્યાઃ તાલુકા પોલીસમાં થઇ ફરિયાદ

રાજકોટઃ શેર બજારમાં રોકાણ કરવાથી મોટો ફાયદો થશે એવી લાલચ આપી લોકોને છેતરવાના ધંધા પુરબહારે ખીલ્યા છે. ઓનલાઇન તો આ પ્રકારે ફ્રોડ થતા જ રહે છે હવે તો રૂબરૂ જે તે લોકોને મળીને તેને લાલચ આપી ફસાવી લેવાય છે. આવી જ એક ફરિયાદ રાજકોટના બે ભાગીદાર મિત્રોએ કરી છે. જેને એક સુરતીલાલો એકત્રીસ લાખનો ચૂનો લગાવી ગયો છે. આ બંને ઉપરાંત બીજા દસેક લોકોના મળી એકાદ કરોડ રૂપિયાનું ચકરડુ ફેરવીને આ સુરતીલાલો રાજકોટની ઓફિસ, ઘર મુકી છૂમંતર થઇ જતાં રોકાણકારો રાતે પાણીએ રડી રહ્યા છે. આ મામલે તાલુકા પોલીસને જાણ કરવામાં આવી છે.



વિગતો પર નજર કરીએ તો શહેરના દોઢસો ફુટ રીંગ રોડ પર બાલાજી હોલ પાસે આરકે સુપ્રિમ ખાતે ઓફિસ ધરાવતાં બે મિત્રો ભાવેશભાઇ ચંદુલાલ સોલંકી અને ધવલભાઇ રમેશભાઇ અમરેલીયાએ તાલુકા પોલીસમાં લેખિત ફરિયાદ અરજી કરી પોતાની સાથે શેર બજારમાં રોકાણ કરવાથી મોટુ વળતર મળશે તેવી લાલચ આપી એકત્રીસ લાખની છેતરપીંડી કરવામાં આવી છે. તેમજ બીજા લોકોના મળી એકાદ કરોડની ઠગાઇ થઇ છે. આવા આરોપો સાથેની લેખિત અરજી તાલુકા પોલીસમાં આપવામાં આવતાં, ઇન્વર્ડ કરાવવામાં આવતાં તપાસ શરૂ થઇ છે.

છેતરાઇ ગયેલા બે ભાગીદાર મિત્રો ભાવેશભાઇ અને ધવલભાઇએ તાલુકા પોલીસ ઇન્સ્પેક્ટરને ઉદ્દેશીને કરેલી લેખિત ફરિયાદ અરજીમાં જણાવ્યું છે કે અમે બંને મિત્રો બેંક લોન કન્સલ્ટીંગનો વ્યવસાય કરીએ છીએ. ધંધાના ભાગ રૂપે અમે સુરતના લોન વ્યવસાયી દિવ્યેશ ત્રાડાના સંપર્કમાં આવ્યા હતાં. તેની ઓફિસ સુરતમાં સરથાણ જકાતનાકા પાસે છે. વર્ષ ૨૦૨૩ના ડિસેમ્બર મહિનામાં અમારી વચ્ચે સંપર્ક થયા બાદ અમને એક લોન કેસ તેણે આપ્યો હતો. તેણે પોતાની ઓળખ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે આપી હતી તેમજ પોતે શેર માર્કેટનો બહુ મોટો પોર્ટફોલીયો મેનેજ કરે છે તેમ કહ્યું હતું. તેમજ અમને પણ કહેલુ કે શેર બજારમાં રોકાણ કરશો તો ખુબ ફાયદો થશે. અમને શેર બજારનું કોઇ જ્ઞાન ન હોઇ અમે ના પાડી હતી.

ત્યારપછી માર્ચ-૨૦૨૪માં અમે આરકે સુપ્રિમમાં નવી ઓફિસ ભાડે રાખી હતી. ત્યારે દિવ્યેશભાઇએ સુરતથી વારંવાર રાજકોટ અમારી ઓફિસે આવવાનું ચાલુ કર્યુ હતું. તેણે પણ અમારી બાજુમાં જ ઓફિસ રાખી હતી. ઓફિસમાં તેમના ભાગીદાર એવા મામાના દિકરા તથા બીજા સગા બેસતા હતાં. એ પછી અમને શેર બજારમાં રોકાણ કરવા લલચાવતાં અમે બંને ભાગીદારે એકત્રીસ લાખ રૂપિયા રોકાણ કરવા આપ્યા હતાં. એ પછી નફો આપવામાં ગલ્લા તલ્લા શરૂ થયા હતાં. એ પછી અમને દિવ્યેશભાઇના જુના ભાગીદાર સંદિપભાઇ કાનાણી તરફથી ખબર પડી હતી કે દિવ્યેશ ત્રાડા ઓફિસ અને ઘર મુકી નીકળી ગયેલ છે અને દસ બાર લોકો સાથે એકાદ કરોડનું ફુલેકુ ફેરવ્યું છે. આ પછી અમને તેણે રોકાણ સામે આપેલા ચેક અમે બેંકમાં નાખતા તે રિટર્ન થયા હતાં. આમ અમારા સહિતના લોકો સાથે ઠગાઇ થઇ હોઇ તપાસ કરી ન્યાય અપાવવા અમારી માંગણી છે. તેમ વધુમાં બંને ભાગીદારોએ જણાવી એફઆઇઆર દાખલ કરી ન્યાયી કાર્યવાહી કરવા માંગણી કરી છે.

# રાજયનું ધો.૧૦નું પરિણામ RECORD BREAK 83%ને પાર



## રાજકોટનું ૮૭.૧૯% પરિણામ : ૩૩૦૪ વિદ્યાર્થીઓએ મેળવ્યો એ૧ ગ્રેડ
## ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ૧૫૭૪, ૩૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળા ૨૦૧ : ૦ ટકા પરિણામ ધરાવતી શાળા ૪૫ નોંધાઈ



### જિલ્લાવાર પરિણામ

| | |
|---|---|
| અમરેલી | 77.77% |
| ભાવનગર | 85.17% |
| બોટાદ | 87.71% |
| દેવભુમિ દ્વારકા | 83.48% |
| ગીર સોમનાથ | 81.21% |
| જામનગર | 85.55% |
| જુનાગઢ | 81.80% |
| મોરબી | 88.78% |
| પોરબંદર | 80.42% |
| રાજકોટ | 87.19% |
| સુરેન્દ્રનગર | 85.63% |
| કચ્છ | 86.40% |

રાજકોટ, તા. ૮

રાજ્યમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ નું પરિણામ આવી ચૂક્યું છે ત્યારે ગઈકાલે ગુજરાત રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું આ મામલે શિક્ષણ મંત્રાલયની સાથોસાથ રાજ્ય સરકાર દ્વારા એ તમામને શુભેચ્છા પાઠવવામાં આવી હતી કે જેવો બોર્ડ પરીક્ષામાં ઉતીર્ણ થયા હોય.

હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ આ પરીક્ષા સમગ્ર રાજયના ૯૮૯ કેન્દ્રોમાં લેવામાં આવેલ. મહેસાણા જિલ્લાનું કાંસા અને ભાવનગર જિલ્લાનું ભોળાદ કેન્દ્ર ૯૯.૧૧ ટકા પરિણામ મેળવીને મોખરે રહ્યું છે. જયારે ખેડા જિલ્લાનું અંબાવ કેન્દ્ર ૨૯.૫૬ ટકા પરિણામ મેળવી સૌથી છેલ્લે રહેલી છે.

વર્ષભર મહેનત કરીને આગળ વધવા માંગતા પરીક્ષાર્થીઓને ન્યાય આપી શકાય અને ટૂંકા રસ્તા અપનાવી પરીક્ષામાં ભ્રામક સફળતા મેળવનારને અટકાવી શકાય તે જોવું આપણા સૌની ફરજ બને છે. આ વર્ષે પરીક્ષા દરમ્યાન ગેરરીતિના ૧૨ કેસ નોંધાવેલ હતા. જ્યારે ઈઈઝટ કેમેરાના વીડિયો ફૂટેજના આધારે પ્રાથમિક રીતે ગેરરીતિમાં સામેલ જણાતા ૧૩૮ પરીક્ષાર્થીઓના પરિણામ અનામત રાખવામાં આવેલ, જેમની રૂબરૂ સુનાવણી બોર્ડની પરીક્ષા સમિતિ સમક્ષ કરી ગેરરીતિમાં સામેલ તમામ પરીક્ષાર્થીઓનો નિર્ણય કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષે રાજયની અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતની જેલોમાં ગોઠવાયેલ પરીક્ષા કેન્દ્રોમાં ૭૨ બંદીવાન પરીક્ષાર્થીઓની પરીક્ષા માટે તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હતી. જેમાંથી ૬૦ બંદીવાન પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા. બોર્ડ કક્ષાના વિષયોમાં નિયમિત પરીક્ષાર્થીઓની પરીક્ષા પદ્ધતિ મુજબ ૮૦ ગુણનું પ્રશ્નપત્ર અને શાળાકીય આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણ મુજબ પરીક્ષા યોજવામાં આવેલ હતી. આ ઉપરાંત વોકેશનલ ૧૬ વિષયની ૩૦ ગુણની પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલ હતી. જ્યારે ૫૦ ગુણનું પ્રેક્ટિકલ અને ૨૦ ગુણનું આંતરિક મૂલ્યાંકન જે-તે સંસ્થા કે શાળા દ્વારા કરવામાં આવેલ.

કુલ ૪૧૬૫ દિવ્યાંગ પરીક્ષાર્થીઓને અડધો કલાક વધુ સમયનો લાભ આપવામાં આવેલ તેમજ જરૂરિયાતવાળા દિવ્યાંગ ઉમેદવારોને લહિયાની સુવિધા પૂરી પાડવામાં આવેલ. દિવ્યાંગોને સુવિધા ખાતર ભોંયતળિયે પ્રશ્નપત્રની ખાસ સુવિધા કરવામાં આવેલ. કુલ દિવ્યાંગમાંથી ઉપસ્થિત ૩૮૭૯ અને પ્રમાણપત્રને પાત્ર ૨૧૧૫ ઉમેદવારો છે.

આ વિસ્તૃત અને વિગતવાર પરિણામનું પૃથક્કરણ કરીને મળેલ માહિતીનો ઊંડો અભ્યાસ અને તારણોથી માધ્યમિક શાળાઓ, શિક્ષણ બોર્ડ, સંચાલક મંડળ અને શિક્ષણવિદો પોતાની જરૂરિયાત મુજબ વિદ્યાર્થીઓ શિક્ષકોની શૈક્ષણિક સુધારણા માટે તાલીમની વ્યવસ્થા તેમજ સબળાં, નબળાં પાસાં અંગેના ઉપાયો વિચારીને અસરકારક સમયબદ્ધ આયોજન કરી શકશે.

આ પરિણામ તૈયાર કરવામાં જહેમત ઉઠાવનાર તમામ બોર્ડના અધિકારી મિત્રો, મદદનીશ સચિવશ્રી તથા તેમની ટીમના તમામ સભ્યોને ખાસ અભિનંદન પાઠવવામાં આવે છે. પરીક્ષાનું પરિણામ તૈયાર કરવામાં વિવિધ તબક્કે પૂરતી કાળજી અને ચોકસાઈ રાખવાના પ્રયાસો કરવા માટે બોર્ડના અધિકારીઓ, કર્મચારીઓ, પરીક્ષકો, સમીક્ષકો, પાલા કેન્દ્રોના નિયામકો, મધ્યસ્થ મૂલ્યાંકન સ્થળના નિયામકો, સંગણક કેન્દ્રોના નિયામકો તથા કો-ઓર્ડિનેટર્સ તમામને અભિનંદન આપીએ છીએ. સફળ પરીક્ષાર્થી ઓને અભિનંદન તથા સુધારણાને અવકાશ છે તે પરીક્ષાર્થીઓ ભવિષ્યની પરીક્ષામાં સારી તૈયારી કરી ઉત્સાહપૂર્વક પરીક્ષા આપી સફળતા મેળવે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

ગુજરાત ઉચ્ચતર અને માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી મહીનામા લેવાયેલી ધો. ૧૦ ની પરીક્ષાનુ પરીણામ આજે જાહેર કરવામા આવ્યુ હતુ. બોર્ડ દ્વારા ધો. ૧૦નુ ૮૩.૦૮ ટકા રેકોર્ડબ્રેક પરીણામ જાહેર કરવામા આવ્યુ છે જેમા સૌથી વધુ બનાસકાંઠા જીલ્લાનું ૮૯.૨૯ ટકા અને સૌથી નીચુ ખેડા જીલ્લાનુ ૭૨.૫૫ ટકા પરીણામ આવ્યુ છે. જયારે ભાવનગરનાં ભોળાદ અને મહેસાણા જીલ્લાનાં કાંસા કેન્દ્રનુ ૯૯.૧૧ ટકા પરીણામ જાહેર થયુ છે. ખેડા જીલ્લાનુ અંબાવ કેન્દ્રનુ ૨૯.૫૫ ટકા સૌથી નીચુ પરીણામ આવ્યુ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાર્થીનીઓએ બાજી મારતા વિધાર્થીઓ કરતા વધુ પરીણામ આવ્યુ છે. ૨૮૦૫૫ વિદ્યાર્થીઓએ એ ગ્રેડ મેળવ્યો છે.

ધો. ૧૦ મા ૭૬૨૪૮૫ જેટલા વિદ્યાર્થીઓનુ રજીસ્ટ્રેશન થયુ હતુ જેમાથી ૭૪૬૮૯૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાથી ૬૨૦૫૩૨ વિદ્યાર્થીઓ પાસ થતા ધો. ૧૦ નુ ૮૩.૮ ટકા પરીણામ આવ્યુ છે. ધો. ૧૦ મા ૯૮૯ કેન્દ્રો પર પરીક્ષા લેવામા આવી હતી જેમાથી સૌથી વધુ ભોળાદ અને કાંસા કેન્દ્રનુ પરીણામ સૌથી વધુ આવ્યુ છે. બોર્ડ દ્વારા જાહેર કરવામા આવેલા પરીણામમા એ ગ્રેડમા ગત વર્ષ કરતા વિદ્યાર્થીઓની સંખ્યામા વધારો થયો છે. જેમાં ૨૮૦૫૫ વિદ્યાર્થીઓએ એ ગ્રેડ મેળવ્યો છે. ઉપરાંત એ ૨ મા ૮૬૪૫૯, બી ૧ મા ૧૨૪૨૭૪, બી ૨ મા ૧૫૨૮૪, સી ૧ મા ૧૪૫૪૪૪, સી ૨ મા ૭૮૧૩૭, ડી મા ૬૦૬૬, ઈ ૧ મા ૧૩ વિદ્યાર્થી ઓ પાસ થયા છે.

ધો. ૧૦ મા ભાષામા પરીણામમા સૌથી વધુ ઈંગ્લીશનુ આવ્યુ છે. ઈંગ્લીશ વિષયમા ૯૯.૫૮ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. તો ગુજરાતીમા ૮૧.૭૯ ટકા, હિન્દીમા ૭૬.૪૭ ટકા, મરાઠીમા ૭૭.૬૧ ટકા, ઉર્દુમા ૮૦.૯૯ ટકા, ઓરીયામા ૮૮.૨૮ ટકા, વિષય મુજબ ગુજરાતીમા ૯૧.૨૯ ટકા, હિન્દીમા ૯૩.૩૮ ટકા, ઈંગ્લીશમા ૯૭.૨૬ ટકા, સોશ્યલ સાયન્સમા ૯૩.૭૮ ટકા, વિજ્ઞાનમા ૮૭.૮૪ ટકા, સ્ટાન્ડર્ડ મેથ્સમા ૯૯.૩૫ ટકા, બેઇઝીક મેથ્સમા ૮૩.૪૭ ટકા, સંસ્કૃતમા ૯૭.૦૬ ટકા પરીણામ જાહેર થયુ છે.

ધો. ૧૦ નુ પરીણામ અત્યાર સુધીનુ સૌથી હાઇએસ્ટ જાહેર કરવામા આવ્યુ છે. પરીણામની ટકાવારી સતત વધી રહી છે અને વિદ્યાર્થીઓ પણ ઉંચી ટકાવારી સાથે પાસ થઇ રહયા છે. આજે પરીણામ જાહેર થતા રાજકોટ સહીત સૌરાષ્ટ્રભરની શાળાઓમા દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો. શાળાઓનાં પટાંગણમા ફટાકડાઓ ફોડી પાસ થયેલા વિદ્યાર્થીઓનુ મોઢા મીઠા કરાવી હાર તોરા કરવામા આવ્યા હતા. અને ડીજેનાં તાલે રાસ ગરબા રમીને ઉજવણી કરવામા આવી હતી. બોર્ડમા ટોપમા આવેલા વિદ્યાર્થી ઓની આંખો છલકાતા લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. પાસ થયેલા વિદ્યાર્થી ઓએ પોતાની મહેનતનો સફળતાનો શ્રેય માતા પિતા અને શાળાનાં શિક્ષકોને આપ્યો હતો.

### ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળામાં વધારો

ધો. ૧૦ મા વિદ્યાર્થીઓ સતત સારુ પરીણામ લાવી રહયા છે. તેમજ શિક્ષણનાં સ્તરમા સુધારો થતા પરીણામ ઉંચા આવી રહયા છે. આજે જાહેર થયેલા પરીણામમા ૧૫૭૪ શાળાઓનુ ૧૦૦ ટકા પરીણામ આવ્યુ છે. જે ગત વર્ષે ૧૩૮૯ શાળા હતી. જયારે ૩૦ ટકાથી ઓછુ પરીણામ ધરાવતી શાળાઓ ગત વર્ષે ૨૬૪ હતી જેમા ઘટાડો થયો છે અને હાલ માત્ર ૨૦૧ શાળાનુ પરીણામ જ ૩૦ ટકા આવ્યુ છે. જયારે ૦ ટકા પરીણામમા ગત વર્ષે ૭૦ શાળાઓ હતી જેમા પણ ઘટાડો થતા આ વર્ષે માત્ર ૪૫ શાળાઓનુ પરીણામ શુન્ય આવ્યુ છે.

# ભારે વરસાદ-વાવાઝોડાની વ્યાપક અસર ન થાય તે માટે આયોજન શરૂ

## જિલ્લા કલેકટર પ્રભાવ જોશી એ સંબંધિત વિભાગના ટોચના અધિકારીઓ સાથે કરી બેઠક

રાજકોટ, તા. ૮

ચોમાસુ ઋતુને ધ્યાને લઈ હાલ રાજ્ય સરકાર સાવજ બની છે તો સ્થાનિક પ્રશાસનને પણ તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવા માટે તાકીદ કરવામાં આવી છે. મહત્વની વાત એ છે કે જો ભારે વરસાદ અથવા તો વાવાઝોડાની સ્થિતિ સર્જાય ત્યારે સ્થાનિક પ્રશાસન કયા પ્રકારના પગલાં લઈ શકે છે જેથી ઓછામાં ઓછી અસર જે તે વિસ્તારને થાય અને લોકો ને પણ હેરાનગતિનો સામનો ન કરવો પડે આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈને ગઈકાલે જિલ્લા કલેકટરે આ અંગે વિશેષ બેઠક યોજાઈ હતી.

વર્ષાઋતુ અગાઉ કરવાની કામગીરી જેમ કે, બચાવ અને રાહત કામગીરી, અનાજ અને પુરવઠાની જાળવણી, વીજળી, આરોગ્ય, ગ્રામ્ય કક્ષાએ જરૂરી ટીમ-સ્ટાફ, સાધનો, ભારે વરસાદની સ્થિતિમાં લેવાના તકેદારીના પગલાં, સ્થાનિક તરવૈયાઓની યાદી, વિવિધ બિન સરકારી સંસ્થાઓની યાદી, વોંકળા- નદીપટની સફાઈ, પશુઓને ઘાસચારો તેમજ આપત્તિના સમયે જરૂરી સંસાધનોનો ઉપયોગ કઈ રીતે કરવો તે અંગે આ બેઠકમાં ચર્ચા કરાઈ હતી.



ઉપરાંત, જરૂરી સ્થળો પર વાયરલેસ નેટવર્ક ગોઠવવા, તાલુકા કક્ષાએ ફલડ કંટ્રોલ યુનિટ, તેમજ લાયઝન અધિકારીની નિમણૂક કરવા, સાવચેતી અંગેના સંદેશા ગ્રામ્ય કક્ષા સુધી તાત્કાલિક પહોંચાડવા, કોઝવે પર સાઈન માર્ક કરવા, નીચાણવાળા વિસ્તારની અને વૈકલ્પિક રસ્તાઓની યાદી તૈયાર કરવા,પી.જી.વી.સી.એલ. દ્વારા વીજળીના તૂટેલા તાર-જોખમી ઝૂકેલા વીજ પોલ નિકાલની કામગીરી, ડેમ કેનાલની ચકાસણી, આવશ્યક મટીરીયલ, રસ્તા બંધ થતાં વૃક્ષો હટાવવા-કાપવાના સાધનો, અનાજ પુરવઠાની જાળવણી, આરોગ્ય કેન્દ્રો-હોસ્પિટલો ખાતે સાધનો-દવાઓ, કલોરિનેશન, રોગચાળો ફેલાતો અટકાવવા જંતુનાશક દવાઓના જથ્થા, માનવબળ વગેરે ચર્ચા કરવામાં આવી હતી.આપત્તિના સમયે એક પણ માનવ કે પશુના મૃત્યુ ન થાય તે માટે આગોતરા આયોજન કરી સર્વે ટીમની રચના કરવા અંગે આ બેઠકમાં વિચારણા કરાઈ હતી.

ઉપરાંત તાલીમી માનવ બળ અને રેસક્યુના સાધનો ઉપલબ્ધ રાખવા સુચના આપવામાં આવી હતી. આપદા મિત્રને કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ બનાવવા, વરસાદ માપક યંત્ર વર્કિંગ કન્ડિશનમાં રાખવા, અધિકારીઓએ ગાડીમાં ટોર્ચ,દોરડા, લાઇફ જેકેટ જેવા સાધનો હાથવગા રાખવા સહિત જરૂરી સુચના જિલ્લા કલેકટરએ આપી હતી. બેઠકમાં ડી.સી.પી. જગદીશ બંગારવા, આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે. વસ્તાણી, જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રી વંગવાણી, સર્વે પ્રાંત અધિકારીઓ, રૂડાના સી.ઈ.ઓ. ગૌતમ મિયાણી, જી.એસ.આર. ટી.સી.ના વિભાગીય નિયામક જે.એમ. કલોતરા, નાયબ વન સંરક્ષક તુષાર પટેલ સહિત પ્રીમોન્સુન સજ્જતાની કામગીરી સાથે જોડાયેલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરના વિકાસને મળશે જેટ ગતિ

# મોટામવા સહિતની ૧૦ ટીપી સ્કિમને મ્યુ. કમિશનર પાસે મુકાઈ

## ચર્ચા વિચારણા બાદ સરકારમાં મંજૂરી અર્થે આવશે મોકલવામાં : ૪ ટીપી સ્કીમ માટે પરામર્શ લેવાશે

રાજકોટ, તા. ૮

રાજકોટ સતત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. ત્યારે આવનારા દિવસોમાં સરકાર વધુને વધુ ટાઉન પ્લાનિંગનું આયોજન કરશે અને હજુ પણ ઘણી ટીપી સ્કીમ ફાઈનલ થવાની બાકી છે. રાજકોટ શહેર સ્માર્ટસીટીની દોડમાં સતત આગળ વધી રહ્યું છે. ત્યારે શહેરનો વ્યાપ ચારેય દિશામાં વધવા લાગ્યો હોય વર્ષોથી પેન્ડીંગ રહેલ તેને તાજેતરમાં મહાનગરપાલિકાની હદમાં નવા ભળેલા વિસ્તારો સહિતના વિસ્તારોની ટીપી સ્કીમો બનાવવાનો પ્રારંભ મહાનગરપાલિકા અને રૂડા દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. તે અંતર્ગત મોટા મૌવા સહિતની ચાર ટીપી સ્કીમો પરામર્શ માટે તૈયાર કરવામાં આવી છે. આથી મનપા અને રૂડાની ૧૦ ટીપી સ્કીમોની ફાઈલ તૈયાર કરી મ્યુનિસિપલ કમિશનરના ટેબલ પર મુકવામાં આવી છે. જે વિચાર વિમર્શ અને મંજુરી મળ્યા બાદ સરકારમાં રજૂ કરવામાં આવશે. તેમ જાણવા મળેલ છે.



ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ એક વર્ષથી વધુ સમય થવા છતાં ટાઉન પ્લાનીંગ વિભાગ સુસુક્ત અવસ્થામાં હતો જેને હવે આળશ ખંખેરી હોય તેમ અગાઉ નોટીસ અપાયેલ ગેરકાયદેસર બાંધકામોના ડિમોલેશનની કામગીરી શરૂ કરી છે. જયારેબીજી તરફ રાજકોટ મહાનગરપાલિકાની હદમાં ભળેલા નવા વિસ્તારો તેમજ ટીપી સ્કીમ પેન્ડીંગ હોય તેવા વિસ્તારો અને રૂડા હેઠળ આવતા વિસ્તારોની ટીપી સ્કીમો તૈયાર કરવાનો પ્રારંભ કર્યો છે. છેલ્લા થોડા સમયથી બિલ્ડરલોબી દ્વારા ટીપી સ્કીમ મુદ્દે ગાંધીનગર સુધી રજૂઆતો થયેલ જેના પગલેસરકારે આદેશ આપતા રૂડાની અને મનપા સહિતની ૧૦ટીપી સ્કીમોની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જેમાં સૌ પ્રથમ મોટામવા સહિતના વિસ્તારોની ચાર ટીપી સ્કીમો પરામર્શ માટે તૈયાર કરવાામં આવી છે. જેની ફાઈલ કમિશનર સુધી પહોંચાડવામાં આવેલ હોય આગામી જનરલ બોર્ડમાં ટીપી સ્કીમોની દરખાસ્ત રજૂ થાય તેવી સંભાવના જોવાઈ રહી છે. જનરલ બોર્ડમાં મંજુરી મળ્યા બાદ ટીપી સ્કીમ સરકારમાં મંજુરી અર્થે મોકલવામાં આવશે.

મહાનગરપાલિકાની હદમાં વધારો થવાની સાથો સાથ બિલ્ડર લોબી દ્વારા ટીપી સ્કીમો ઝડપથી મંજુરી થાય તેવી રજૂઆતો કરવામાં આવી રહી છે. તેવી જ રીતે ગેરકાયદેસર બાંધકામોને અટકાવવા માટે પણ ટીપી સ્કીમોને ઝડપથી મંજુરી મળે તેવું ખુદ મનપા ઈચ્છી રહી છે ત્યારે રોડ-રસ્તા અને સાર્વજનીક પ્લોટનો કબ્જો સરળતાથી મળે તે માટે ટીપી સ્કીમના ડ્રાફ્ટ તૈયાર કરવાની કામગીરી આરંભવામાં આવી છે. સુત્રોના જણાવ્યા મુજબ શહેરમાં નવા ભળેલા અને ટીપી સ્કીમમાંથી બાકાત રહીગ યેલા વિસ્તારોની ૩૦થી વધુ ટીપી સ્કીમો પેન્ડીંગ રહી ગયેલ છે. ટુંક સમયમાં ડ્રાફ્ટ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.